નવા વિચારોનું નવુ માધ્યમ... SOHAM 24

# સોહમ્ ૨૪

સુરેન્દ્રનગરનું લોકલ અખબાર

સાપ્તાહિક

વર્ષ : ૯ અંક : ૩૯ તા.૩૧-૧૦-૨૦૨૪ ( પાના : ૧૨) ગુરૂવાર છૂટક કિંમત રૂ.૫ | તંત્રી : રોહિતભાઈ જી.પરમાર, સહ તંત્રી : અવધેશભાઈ ત્રિવેદી

કોન્ટેક નંબર . ૯૦૩૩૩૦૦૩૪૫ / ૯૮૨૫૮૯૯૬૮૦ www.soham24.com - Email: soham24info@gmail.com

## નમસ્તે સુરેન્દ્રનગર

# જીલ્લા પોલીસનું વાર્ષિક ઇન્સ્પેકશન પોલીસનાં બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ / બડાખાના









સુરેન્દ્રનગર : સુરેન્દ્રનગરમાં ગુરુવાર તારીખ ૨૪ ઓક્ટોબરના રોજ પોલીસ મહાનિરીક્ષક રાજકોટ રેંજ અશોક કુમાર યાદવના ઈન્સ્પેકશન પ્રસંગે સુરેન્દ્રનગર જીલ્લા પોલીસ પરિવારની દીકરીઓ દ્વારા જવાહર ગ્રાઉન્ડ ખાતે એક સંસ્કૃતિક કાર્યક્રમ/ બડાખાના રજુ કરેલ.આ પ્રસંગે પાછલા એક વર્ષમાં કાયદો, ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ, મેડીકલ કે બીજા અન્ય કોઈપણ ક્ષેત્રએ સુરેન્દ્રનગર જીલ્લા પોલીસને મદદરૂપ થયેલ હોય તેવી સામાજિક સંસ્થા,ડોકટર્સ, ફેક્ટરી, કંપની કે હોસ્પિટલના મહાનુભાવોનું પોલીસ મહાનિરીક્ષક રાજકોટ રેંજ અશોક કુમાર યાદવ અને એસ.પી ગીરીશ પંડ્યાનાં હસ્તે શિલ્ડ અને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવેલ. કાર્યક્રમ બાદ આવેલ મહેમાનો અને પોલીસ પરિવાર માટે ડીનરનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો.

એસ.એસ.વ્હાઈટ કંપનીએ જીલ્લા પોલીસને કાયદો વ્યવસ્થામાં મદદરૂપ થવા માટે પોણા બે લાખ રૂપિયાની કિંમતનો ડ્રોન કેમેરો અર્પણ કરવામાં આવેલ જેના ભાગરૂપે શિલ્ડ અને સર્ટીફીકેટ સ્વીકારવા માટે અમેરિકાથી એસ.એસ. વ્હાઈટ કંપનીના એચ.આર મેનેજર અને સી.ઈ.ઓ શ્રી રાહુલ શુકલના પુત્રવધુ શ્રીમતી રાધા આકાશ શુકલ ઉપસ્થિત રહેલ હતા.

# મુખ્ય રસ્તાઓની દિવાળી સુધરી બાકી.....





સુરેન્દ્રનગર : સુરેન્દ્રનગર શહેરમાં વરસાદ બાદ અનેક રોડ રસ્તાઓ ખરાબ થયા હતા. શહેરના મુખ્ય રસ્તાઓ ઉપર મસમોટા ખાડાઓ પડી ગયા હતા. અને રોડ-રસ્તાની સમસ્યાએ માઝા મુકી છે. ત્યારે દિવાળીને જયારે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે શહેરના મુખ્ય રસ્તાઓનું સમારકામ-પેચવર્ક હાથ ધરવામાં આવ્યુ છે. સુરેન્દ્રનગર, જોરાવરનગર, રતનપર અને વઢવાણ વિસ્તારને જોડતા મુખ્ય રસ્તાઓનું રાતોરાત નવીનીકરણ કરવામાં આવ્યુ છે. ત્યારે બની રહેલા રસ્તાની યોગ્ય ગુણવતા જળાઈ રહે તેમ શહેરીજનો આશા રાખી રહ્યા છે. કારણકે રોડ તો બની જાય છે. પરંતુ સારા રોડની ખુશી શહેરીજનો માટે વધુ સમય નથી રહેતી... ત્યારે મુખ્ય રસ્તાઓ ઉપર થતુ આડેધડ ખોદકામ બંધ કરાવવુ ખુબ જરૂરી છે. તો જ શહેરીજનોને સારા સ્વચ્છ અને સુઘડ રસ્તાઓની સુવિધા મળતી રહે તેમ છે. હાલ, દિવાળીના તહેવારમાં શહેરીજનોની રોડ રસ્તાની સમસ્યા ઉકેલવા પાલિકાએ અગ્રેસરતા દાખવી છે. ત્યારે હવે જોવાનું અને રહે છે કે આરએન્ડબી હેઠળ આવતા શહેરના મુખ્ય બિસ્માર રસ્તાઓનું સમારકામ ઝડપીથી હાથ ધરવામાં આવે તેવી માંગ પણ થઈ રહી છે.

બીજી બાજુ જોઈએ તો સુરેન્દ્રનગર દૂધરેજ વઢવાણ સંયુકત નગરપાલિકાના ૧૩ વોર્ડ વિસ્તાર કેટલાંક રસ્તાઓ બન્યા છે. તો કેટલાંક વોર્ડ વિસ્તારોમાં સારા રસ્તાનું સ્વપ્ન દિવા સ્વપ્ન બની ગયુ છે. આજે પણ શહેરના અનેક વોર્ડ વિસ્તારમાં ખરાબ રસ્તાઓના કારણે સ્થાનિક લોકોને પારાવાર મુશ્કેલી સહન કરવી પડી રહી છે.

સોહમ્ ૨૪ સાપ્તાહિક

કાર્યાલય : રાજનાથ મહાદેવ મંદિર પાસે, કુથુંનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર, શોપ નંબર - ૨, પહેલા માળે, સુરેન્દ્રનગર. Mo. 75750 20982
Email : soham24info@gmail.com

ટચુકડી જાહેરાત — એક લાઈનના રૂ.૧૫/- (ટચુકડી જાહેર ખબર સોમવાર સાંજ સુધી)




જાહેર ખબરના ભાવ

| ફોર કલરના ભાવ | બ્લેક એન્ડ વ્હાઈટ (અંદરના પાને) |
|---|---|
| અંદરના પાને : રૂ.૧૨૫/- પ્રતિ સે.મી. | અંદરના પાને : રૂ.૭૫/- પ્રતિ સે.મી. |
| છેલ્લા પાને : રૂ.૨૦૦/- પ્રતિ સે.મી. | છેલ્લા પાને : રૂ.૧૫૦/- પ્રતિ સે.મી. |
| પહેલા પાને : રૂ.૨૫૦/- પ્રતિ સે.મી. | પહેલા પાને : રૂ.૨૦૦/- પ્રતિ સે.મી. |

# કૃષિ રાહત પેકેજ ખેડૂતો માટે લોલીપોપ....

રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્ય સાથે સુરેન્દ્રનગર જીલ્લામાં પણ કૃષિ રાહત પેકેજની જાહેરાત કરી છે. ગત ઓગષ્ટ મહિનામાં પડેલા ભારે વરસાદથી પાકને થયેલા નુકસાનને લઈ ખેડૂતો માટે કૃષી રાહત સહાય પેકેજની જાહેરાત કરવામાં આવી છે. પરંતુ સરકારની આ જાહેરાતને મુળી, ચોટીલા સહિતના તાલુકાના ખેડૂતોએ માત્ર લોલીપોપ હોવાનો આક્ષેપ થયો છે. અને સરકાર દ્વારા જે વળતર જાહેર કરવામાં આવ્યું છે તે જીલ્લાના ખેડૂતો માટે ખુબ જ નજીવુ હોવાથી સરકારે ખેડૂતો સાથે મશ્કરી કરી હોવાનું ખેડૂતો જણાવી રહ્યાં છે.

સમગ્ર રાજ્ય સાથે સુરેન્દ્રનગર જીલ્લાના મુળી, થાન, ચોટીલા, લખતર, વઢવાણ સહિતના તાલુકાઓમાં ગત ઓગષ્ટ મહિનામા એટલે કે જન્માષ્ટમીના તહેવાર પર ભારે વરસાદ નોંધાયો હતો. જેમાં ખેડૂતોના કપાસ સહિતના પાકને નુકસાન પહોંચ્યું હતું. ખેડુતો દ્વારા સરકાર પાસે નુકસાની સામે પુરતા વળતરની માગ કરી હતી. જેને પગલે સરકારે નુકસાની અંગે સર્વે હાથ ધર્યો હતો. તાજેતરમાં આ સર્વેના રીપોર્ટના આધારે મુખ્યમંત્રી તેમજ કૃષીમંત્રી દ્વારા કુલ રૂ.૧૪૧૯.૬૨ કરોડનું કૃષી રાહત સહાય પેકેજ જાહેર કર્યુ છે. જેમાં રાજ્યના ૨૦ જીલ્લાઓ સાથે સુરેન્દ્રનગર જીલ્લાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. પેકેજમાં એસડીઆરએફના નિયમો અંતર્ગત ૩૩ %થી વધુ નુકસાન હોય તેવા અંદાજે ૭ લાખથી વધુ ખેડૂતોને વધુમાં વધુ બે હેકટરની મર્યાદામાં સહાય ચુકવવામાં આવશે. ત્યારે આ સહાય પેકેજની જાહેરાતથી ઝાલાવાડના ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહી છે. મુળી તાલુકાના દુધઈ, પલાસા, સડલા, ખાટડી, વગડીયા, રામપરડા સહિતના અનેક ગામોમાં કપાસ, મગફળી, તલ સહિતના પાકોને મોટાપાયે નુકસાન જતાં ખેડૂતોની હાલત કફોડી થઈ છે.

ઝાલાવાડમાં માત્ર ઓગષ્ટ મહિનો જ નહિં પરંતુ ત્યારબાદ સપ્ટેમ્બર અને ઓકટોબર મહિનામાં પણ વરસાદ નોંધાયો છે. જેને કારણે ખેડૂતોના બચેલા પાક પર પણ પાણી ફરી વળતાં મોટાપાયે નુકસાન પહોંચ્યું છે. આમ પાછોતરા વરસાદથી નુકસાન થયું હોવા છતાં સરકારે તેની કોઈ નોંધ લીધી નથી તેવો ખેડૂતો આક્ષેપ લગાવી રહ્યા છે.

સોહમ્ ૨૪ સાપ્તાહિક
અખબાર મેળવવાનું સ્થળ :
રાજનાથ મહાદેવ મંદિર પાસે,
કુથુંનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર,
શોપ નંબર - ૨, પહેલા માળે,
સુરેન્દ્રનગર. Mo. 90333 00345
------------
અન્ય આ સ્થળેથી પણ અંક મળશે....
પતરાવાળી ચોક, વડવાળા કોમ્પ્લેક્સ, ટાંકીચોક, બસ સ્ટેન્ડ,
જોરાવરનગર રતનપર ફાટક, વઢવાણ ધોળી પાસે




# પાલિકાના સત્તાધીશોના ડોળ આગળ શહેરીજનો લાચાર



સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર શહેરમાં સમસ્યાઓ મામલે પાલિકાના સત્તાધીશો આંખ આડા કાન કરી રહ્યાની ફરિયાદો સાંભળવા મળી છે. પાલિકામાં સત્તાધીશો માત્ર ખુરશીમાં બેસીને કામ કરી રહ્યાનો ડોળ કરતા હોવાની ફરિયાદો શહેરીજનોમાંથી ઉઠી રહી છે. લોકોની સમસ્યા દૂર કરવા માટે પાલિકાના સત્તાધીશો નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે. શહેરના અનેક વોર્ડ વિસ્તારમાં સમસ્યાઓની ભરમાલ છે. તેમ છતા પાલિકાના સત્તાધીશોના પેટનું પાણી પણ હલતુ હોવાનો ઘાટ જોવા મળી રહ્યો છે. અને જે તે વોર્ડ સદસ્યો પણ સમસ્યાનો ઉકેલ લાવવામાં નિષ્ફળ જઈ રહ્યાનો ગણગણાટ સાંભળવા મળ્યો છે.

સુરેન્દ્રનગર શહેરના નવા જંકશન વિસ્તારમાં ગટરના ગંદા પાણી ઉભરાવવા સાથે રોડ પર ફેલાઈ જતા સ્થાનિક લોકોના જન આરોગ્ય ઉપર ખતરો સર્જાયો છે. શહેરની દેવ સોસાયટીમાં ગટરના ગંદા પાણીનો સોસાયટીના રસ્તાઓ ઉપર ભરાવો થતાં લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ બાબતે શહેરના જાગૃત નાગરીક અમીભાઈ ગઢવીએ સમસ્યાનો વિડીયો ઉતારી વાયરલ કરી બહેરા પાલિકાના સત્તાધીશો સુધી વાત પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે.

# દિવાળી વેકેશનમાં પરિપત્રથી જિલ્લાના શિક્ષકોની નારાજગી : આવેદન આપ્યુ



સુરેન્દ્રનગર :

દિવાળીના સમયે વેકેશનનો માહોલ હોય ત્યારે શિક્ષકોને વિદ્યાર્થીઓના ઈ-કેવાયસીની કામગીરી પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી છે. તેમજ દિવાળીના વેકેશનમાં હેડકવાર્ટર ન છોડવા બાબતના પરિપત્રથી શિક્ષકોમાં નારાજગી જોવા મળી રહી છે. ત્યારે આ મામલે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે આ મામલે વિરોધ કર્યો છે. અને શિક્ષક હિત માટે આ અંગે આવેદન પત્ર પાઠવ્યું છે સુરેન્દ્રનગર જિલ્લામાં હાલ પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં પરીક્ષાની પુર્ણાહુતી બાદ ૨૧ દિવસના દિવાળીના વેકેશનમાં પરિપત્રથી નારાજગી જોવા મળી રહી છે. જિલ્લા શિક્ષણાધિકારી સુરેન્દ્રનગર દ્વારા પરીપત્ર જાહેર કરાયો છે જેમાં જિલ્લાની સરકારી ગ્રાન્ટેડ અને સ્વનીર્ભર માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક તથા પ્રાથમિક શાળાઓને જણાવવામાં આવ્યુ છે. તા.૨૩-૧૦-૨૪ના રોજ યોજાયેલ વિડીયો કોન્ફરન્સમાં મળેલ સુચના અન્વયે દર્શીત સુચના અન્વયે તમામ વિદ્યાર્થીઓની ઈ કેવાયસીની અગત્યની કામગીરી પુર્ણ ન થાય ત્યાં સુધી શાળાઓના તમામ સ્ટાફે દિવાળી વેકેશન દરમ્યાન હેડકવાટર ન છોડવા આદેશ કરવામાં આવ્યો છે.આ આદેશ બાદ તમામ તાલુકામાં અમલ કરવા સૂચના અપાઈ છે જેને લઈ જિલ્લાના શિક્ષકોમાં રોષની લાગણી ફેલાઈ છે.ત્યારે શુક્રવાર ના રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા કલેક્ટર કચેરીમાં આવેદન પાઠવવામાં આવ્યું હતું આ તકે મહાસંઘ ના અસવાર દશરથસિંહ, રણછોડભાઈ કટારીયા, આલ જીગ્નેશભાઈ સહિતના આગેવાન ઉપસ્થિત રહ્યા હતા જેમાં શિક્ષકો ના હિત માં અને દિવાળી વેકેશન બગડે નહીં તેવા નિર્ણય કરવા ની માંગ કરવામાં આવી છે.

# પાલિકાના જનરલ બોર્ડમાં હોબાળો





સુરેન્દ્રનગર દૂધરેજ વઢવાણ સંયુકત નગરપાલિકાનું જનરલ બોર્ડ ૨૩-૧૦ ના રોજ મળ્યુ હતુ. આ બેઠકમાં ભાજપના સદસ્યોની ગેરહાજરી અને સફાઈ કામદારોએ ચાલુ બેઠકમાં દોડી આવતા દોડધામ મચવા સાથે હોબાળો થયો. આ હોબાળો સફાઈ કામદારોએ કર્યો હતો,ભાજપના કોર્પોરેટરે ગેરરીતી કરી હોવાની રજૂઆત કરવામાં આવી છે.સાથે સાથે વિકાસના ચાલતા કામોમાં ગેરરીતીની કરી રજૂઆત પણ કરાઈ હતી. આ બજેટમાં ૧૬ કરોડના કામો મંજૂર કરવામાં આવ્યાની જાહેરાત કરવામાં આવી છે. ત્યારે યોજાયેલ બોર્ડ બેઠકમાં ૨૨ કોર્પોરેટરો બોર્ડમાં ગેરહાજર રહ્યા તેમ બાબત પાલિકા પ્રમુખ દ્વારા સામાન્ય બાબત ગણાવામાં આવી છે.

## ક્રાઈમ ન્યુઝ વિશેષ

# સુરેન્દ્રનગરમાં પોલીસને દારૂ મળ્યો, શખ્સ ન મળ્યો!



સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર સીટી વિસ્તારમાં કાંતિ કોટન મીલ પાસે ઈક્કો ગાડીમાંથી ઈંગ્લીશ દારુ તથા ઈકો ગાડી મળી કુલ કી.રૂ.૨,૬૬,૪૧૨/-નો મુદ્દામાલ સુરેન્દ્રનગર એલસીબીએ તા.૨૪-૧૦ ના રોજ ઝડપી લીધો છે.

એલ.સી.બી.ટીમ દ્વારા પેટ્રોલીંગ દરમ્યાન સુરેન્દ્રનગર કાંતિ કોટન મીલ પાસે ખુલ્લામાં પાર્ક કરેલ ઈક્કો ફોર વ્હીલ ગાડી બાબતે પોલીસને શંકા જતા પોલીસે ઇંગ્લીશ દારૂની કુલ ૪૪ બોટલ કી.રૂ.૬૬,૪૧૨ નો ઝડપી લીધો છે. આ બનાવમાં પોલીસે ઈક્કો ગાડી કિં.રૂ.બે લાખ મળી કુલ રૂ.૨,૬૬,૪૧૨ મુદ્દામાલ પોલીસે ઝડપી લીધો છે. તેમજ હાજર ન મળી આવેલ શખ્સને ઝડપી લેવા પોલીસે તપાસ હાથ ધરી છે. આ બાબતે સુરેન્દ્રનગર સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન ધારા મુજબની ફરિયાદ નોંધાઈ છે.

# ઉપરીયાળા ગામેથી જુગાર રમતા ૬ ઝડપાયા



સુરેન્દ્રનગર :

પાટડીના ઉપરીયાળા ગામમા પરા વિસ્તારમાં ગત તા.૨૩-૧૦ ના રોજ જાહેરમાં ગંજી પાનાના જુગાર રમતા છ ઇસમોને કુલ રોકડ રૂ.૨૫,૧૩૦ તથા ૩ મોબાઈલ મળી કુલ કી.રૂ.૩૫,૬૩૦/-ના મુદામાલ સાથે ઝડપી પાડી જુગારનો ગણના પાત્ર કેસ નોંધાયો છે.

એલ.સી.બી.ના પી.આઈ. જે.જે.જાડેજા તથા એલ.સી.બી ના એન.એ.રાયમા નાઓએ એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કોડના પોલીસ સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી, ખાસ એક્શન પ્લાન બનાવીને પ્રોહી/જુગારની બદી દૂર કરવા કવાયત હાથ ધરી છે. તે દરમ્યાન એલ.સી.બી.ટીમને મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે ઉપરીયાળા ગામે પરાવાસમા મહેશભાઇ જયંતીભાઇ ઠાકોર વાળાના મકાનના પાછળ લીંબડાના ઝાડ નીચે જાહેરમાં ગંજી પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા છ ઇસમોને રોકડ રૂ.૨૫,૧૩૦ તથા મોબાઇલ ફોન નંગ.૦૩ કી.રૂ.૧૦,૫૦૦ મળી કુલ કી.રૂ.૩૫,૬૩૦/- મુદ્દામાલ ઝડપી લીધો છે. પોલીસે જુગારા રમતા બુધાભાઇ ગણેશભાઇ શીયાળીયા (રહે-મોટા પરપોટા તા.વિરમગામ), સજુભા બચુભા ઝાલા(રહે-જરવલા તા.પાટડી), રતીલાલભાઇ ગાંડાભાઇ ભોજવીયા (રહે-ભોજવા તા.વીરમગામ), રામાભાઇ ગગજીભાઇ જાદવા (રહે- માલણપુર તા.પાટડી), તુલસીભાઇ પાલાભાઇ ચાવડા (રહે- મોટા ગોરૈયા તા.વિરમગામ), મયુદીનભાઇ મુસાભાઇ વાટા (રહે. નાગરવાસ વિરમગામ) સહિત ૬ ઈસમોને ઝડપી લીધા છે. ઝડપાયેલ તમામ વિરૂધ્ધ પાટડી પોલીસ સ્ટેશનમાં જુગારધારા મુજબ ફરિયાદ નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# સોનાના દાગીનાની ચોરી કરતી ત્રણ મહિલા સાથે ૪ ની ધરપકડ



વઢવાણ :

વઢવાણમાં સોનીની દુકાનમાં જઇ સોનીનું ધ્યાન ભટકાવી નજર ચુકવી દુકાનમાંથી સોનાના દાગીનાઓની ચોરી કરનાર ત્રણ મહિલા તથા એક પુરૂષને વઢવાણ પોલીસે ઝડપી લીધા છે. ચોરીમાં ગયેલ સોનાની બુટી જોડ-૧ તથા એક સોનાની કડી નંગ-૨ તથા ગુન્હામાં ઉપયોગ કરેલ અલ્ટો ગાડી મળી કુલ કિ.રૂ.૧.૯૦,૦૦૦/- નો મુદ્દામાલ પોલીસે ઝડપી લીધો છે.

વઢવાણ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્ટાફ દ્વારા ચોકકસ બાતમી હકિકત સર્વેલન્સ તથા ટેકનીકલ, સી.સી.ટી.વી. ફૂટેજ આધારે ગોંડલ જી.રાજકોટની ગેંગના ચાર આરોપીઓ (ત્રણ મહિલા તથા એક પુરૂષ) ને પકડી લેવામાં વઢવાણ પોલીસને સફળતા મળી છે. પોલીસે આ બનાવમાં ધીરૂભાઇ વશરામભાઇ સોલંકી, મનીષાબેન ધીરૂભાઇ સોલંકી, ગૌરીબેન રમેશભાઇ વાઘેલા, તારાબેન વીનુભાઇ સોલંકી (રહે.તમામ ગોંડલ નવા માર્કેટયાર્ડ સામે મંગલમપાર્ક ખોડીયારનગર શેરી નંબર-૧ તા.ગોંડલ જી.રાજકોટ) ને ઝડપી વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.

# ચોટીલા પોલીસે ૧૬.૯૫ લાખનો દારૂ ઝડપી પાડયો



ચોટીલા :

આઈસર વાહનમાં પશુ આહારના કેમિકલ/પાઉડરની આડમાં છુપાવેલ પરપ્રાંતીય દારૂની કુલ બોટલ નંગ-૨૫૯૨ કિં.રૂ.૧૬,૯૫,૮૧૬/- મળી કુલ કિ.રૂ.૩૧.૫૮ લાખના મુદ્દામાલ સાથે બે ઇસમોને ચોટીલા પોલીસે ઝડપી લીધા છે.

ચોટીલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર આઇ.બી.વલવીની સુચનાથી ચોટીલા પોલીસ સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન પોલીસ હેડ કોન્સ્ટેબલ અરવિંદભાઇ જીવાભાઇ જાદવ નાઓને હકિકત મળી હતી કે, યુ.પી.પાર્સિંગના આઇસરમાં શંકાસ્પદ ચીજવસ્તુ ભરી નિળનાર છે. જે હકિકત આધારે પોલીસે વોચ ગોઠવી હતી.તે દરમ્યાન આઈસર ટ્રક જેના રજી.નંબર **UP-82-AT-5444** વાળુ લાખણકા ગામ તરફથી સુરેઇ ગામ તરફ આવતા ચેકીંગ કરવામાં આવ્યુ હતુ. આઇસરમાં ભરેલ માલ બાબતે પુછપરછ કરતા કોઇ સંતોષકારક જવાબ આપતો ન હોય અને લાખણકા-સુરેઇ રોડ ઉપર આઇસર માં ભરેલ માલને હેરવી ફેરવી ચેક કરી શકાય તેમ ન હોય જેથી પોલીસ સ્ટાફ સાથે પોલીસ સ્ટેશન ખાતે લાવી આઇસર ઉપર બાંધેલ ટાલપત્રી ખોલી ચેક કરતા પશુ આહારના કેમીકલની આડમાં અલગ અલગ બ્રાંડની દારૂની બોટલો નંગ-૨૫૯૨ કિ.રૂ.૧૬, ૯૫,૮૧૬/- નો મુદ્દામાલ ઝડપી લીધો છે. સાથે પશુ આહારના કેમીકલ/પાવડર પેટીઓ તથા નાના મોટા કેન નંગ-૬૩૭ જેની કિ.રૂ.૯,૫૯,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૨ કિ.રૂ.૪૦૦૦/- તથા આઇસર કિ.રૂ.૫,૦૦,૦૦૦/- તથા ટ્રકના કાગળોની ફાઇલ તથા તાલપત્રી નંગ-૧ મળી કુલ કિ.રૂ.૩૧,૫૮,૮૧૬/- નો મુદ્દામાલ પોલીસે ઝડપી લીધો છે. આ બનાવમાં પોલીસે ગુફૂ રાજેશ શેની માલી ઉ.વ.૩૧ ધંધો.ડ્રાઇવિંગ રહે.રાજપુર ઉત્તારપ્રદેશ તથા (૨) અસગર સુબેદાર ખાન મુસ્લીમ ઉ.વ.૨૮ ધંધો.ડ્રાઇવિંગ રહે.આત્મજ મહોલ્લા ન્યુ હરીયાણા ને ઝડપી લીધા છે. આ દારૂનો જથ્થો ભરી આપનાર ટ્રકના માલિક તથા દારૂનો જથ્થો મંગાવનાર ઇસમની તેમજ તપાસમાં ખુલ્લે તે તમામ ઇસમો વિરુધ્ધ ચોટીલા પોલીસ સ્ટેશને તપાસ હાથ ધરી છે. આમ, ચોટીલા પોલીસે ગણનાપાત્ર કેસ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# છેતરપીંડી, મારામારી, એટ્રોસીટીમાં ફરાર જબ્બે



સુરેન્દ્રનગર :

આંતર-રાજય તથા આંતર-જીલ્લાના છેતરપીંડી, મારામારી, એટ્રોસીટી એક્ટના અલગ અલગ ત્રણ ગુનામાં નાસતા ફરતા આરોપીને લીંબડી માથી સુરેન્દ્રનગર પેરોલ ફર્લો સ્કવોર્ડે ઝડપી લીધો છે. તા.૨૧/૧૦/૨૦૨૪ ના રોજ પેરોલ ફર્લો સ્કવોડ સુરેન્દ્રનગરની ટીમ નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા સારૂ સતત પ્રત્નશીલ હતા. તે દરમ્યાન સાથેના પો.કોન્સ જયપાલસિંહ મોબતસિંહ નાઓએ ટેકનીકલ સોર્સીસ તથા હ્યુમન સોર્સીસ નો ઉપયોગ કરી સચોટ બાતમી હકિકત મેળવી હતી. લીંબડી પોલીસ સ્ટેશનનાનો નાસતા ફરતો આરોપી લીંબડી ટાઉન વિસ્તાર માંથી અકમ ઉર્ફે અફુડો અલ્લાઉદીનભાઇ કારવા (રહે-લીંબડી જેલની બાજુમા મોટો વાસ,લીંબડી) ને ઝડપી પાડી પાડયો છે.

એડવાન્સ ઓટોમેશન AI સાથે
AI Hacks in
Office Automation
for limited seats
Action Takers

ફ્રી ડેમો માટે QR CODE સ્કેન કરો
વધુ માહિતી માટે સંપર્ક કરો
9925 338 234

# જિલ્લા સ્વાગત કાર્યક્રમ : ૧૩ જેટલા પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવવા કલેકટરે સૂચના આપી

સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર જિલ્લાના અરજદારોના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ થાય તે માટે જિલ્લા કલેકટર કે. સી. સંપટના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી, સભાખંડ ખાતે "જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" ૨૪-૧૦ ના રોજ યોજાયો હતો. જેમાં લેન્ડ ગ્રેબિંગ, સ્વચ્છતા, જમીન માપણી જેવા જુદા જુદા ૧૩ પ્રશ્નોમાં હકારાત્મક નિરાકરણ કરાયું હતું.

આ તકે કલેકટરે આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ અરજદારોની વિવિધ વિભાગોને સંલગ્ન રજૂઆતો ધ્યાન પૂર્વક સાંભળી સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ - માર્ગદર્શન આપ્યુ હતું. તેમજ અરજદારો દ્વારા રજૂ થયેલા પ્રશ્નો ઝડપથી ઉકેલાય તે માટે સંબંધિત અધિકારીઓને સૂચના પણ આપી હતી.



આ કાર્યક્રમમાં નિવાસી અધિક કલેકટર આર. કે. ઓઝા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી મિલન રાવ તેમજ સંબંધિત વિભાગના અધિકારીઓ તથા અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, રાજ્યના નાગરિકોના પ્રશ્નોનું ઝડપી અને અસરકારક નિરાકરણ લાવવાના ઉદ્દેશ્યથી આરંભાયેલ સ્વાગત-ફરિયાદ નિવારણના પ્રજાલક્ષી કાર્યક્રમ અંતર્ગત હજારો અરજદારોના પ્રશ્નોનું સુખદ નિરાકરણ આવી રહ્યું છે. પ્રતિમાસ સ્વાગત કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ સ્વાગત કાર્યક્રમ યોજાય છે. સમગ્ર રાજ્યમાં દર મહિનાના ચોથા ગુરુવારે "જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ" કાર્યક્રમ યોજવામાં આવે છે.

આ કાર્યક્રમમાં જિલ્લાના નાગરિકો દ્વારા વિવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવે છે. જે પ્રશ્નોનું આ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં અરજદાર નાગરિકો અને સંબંધિત અધિકારીઓની હાજરીમાં સાંભળીને તેનું નિરાકરણ લાવવામાં આવે છે.

# કલેકટર કચેરીએ રાષ્ટ્રધ્વજની સાથે સંયુકત રાષ્ટ્ર સંઘનો ધ્વજ ફરકાવાયો

## ભારત, રશિયા, ઓસ્ટ્રેલિયા, જાપાન, ચીન, કેનેડા, બ્રાઝિલ, ભૂતાન, જર્મની સહિત ૧૯૩ દેશો છે સંયુકત રાષ્ટ્ર સંઘ સભ્યો




સુરેન્દ્રનગર :

સમગ્ર દુનિયા અને ભારત દેશમાં ૨૪ ઓકટોબરના રોજ "સંયુકત રાષ્ટ્રસંઘ દિવસ"ની ઉજવણી અન્વયે વિવિધ કાર્યક્રમો યોજાતા હોય છે. જે અન્વયે સુરેન્દ્રનગર જિલ્લાની કલેકટર કચેરી ઉપર રાષ્ટ્રધ્વજની સાથે સંયુકત રાષ્ટ્રસંઘનો ધ્વજ પણ ફરકાવવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, વૈશ્વિક એકતાના પ્રતિક સમું સંયુકત રાષ્ટ્રસંઘ એક એવી જગ્યા છે કે, જ્યાં વિશ્વના રાષ્ટ્રો એકસાથે ભેગા થઈ શકે, સામાન્ય સમસ્યાઓની ચર્ચા કરી શકે અને ઉકેલ શોધી શકે. યુનાઈટેડ નેશન્સના સભ્ય દેશોમાં દર વર્ષે ૨૪ ઓકટોબરના રોજ યુનાઈટેડ નેશન્સ ડે (સંયુકત રાષ્ટ્ર સંઘ દિવસ)ની ઉજવણી કરવામાં આવે છે. હાલમાં ભારત, રશિયા, ઓસ્ટ્રેલિયા જાપાન, ચીન, કેનેડા, બ્રાઝિલ, ભૂતાન, જર્મની સહિત ૧૯૩ દેશો આ સંસ્થાના સભ્યો છે. વર્ષ ૧૯૧૩ અને વર્ષ ૧૯૩૯ના વિશ્વયુદ્ધ બાદ સમગ્ર વિશ્વમાં હિંસા, આતંક અને હિંસાના વાતાવરણ વચ્ચે વિશ્વના અગ્રણી દેશોના વડાઓએ એકઠા થઈ વિશ્વમાં શાંતિ અને સુલેહનું વાતાવરણ સ્થાપાય તે માટે સંયુકત રીતે ઈ.સ. ૧૯૪૫ની ૨૪ ઓકટોબરે સંયુકત રાષ્ટ્રસંઘની સ્થાપના કરી હતી.

# વિદેશી ફટાકડાના વેચાણ - આયાત પર પ્રતિબંધ ફટાકડાનાં વેચાણ માટે લાયસન્સ ફરજીયાત

સુરેન્દ્રનગરઃ

સુરેન્દ્રનગર જિલ્લામાં દિવાળીના તહેવારો પૂર્વે સુપ્રીમ કોર્ટના હુકમ મુજબ, જાહેર જનતાની, જાનમાલની સલામતી અર્થે વેચવામાં આવતા વિદેશી ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ તથા ફોડવામાં આવતાં ફટાકડાં (દારૂખાના) થી આગનાં, અકસ્માતનાં અને તોફાનોના બનાવો ન બને તે આશયથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આર.કે.ઓઝા દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

આ જાહેરનામાં અનુસાર, સુપ્રિમ કોર્ટ દ્વારા ભારે ઘોંઘાટ, હવા પ્રદુષણ, ધ્વનિ પ્રદુષણ કરતા ફટાકડા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. તેમજ ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે, ઓછા એમિશન ઉત્પન્ન કરે છે, તેનાં ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવી છે. પેટ્રોલીયમ અને એકસપ્લોઝીવ સેફટી ઓર્ગેનાઈઝેશન દ્વારા અધિકૃત અને માન્ય ધ્વનિ સ્તર વાળા જ ફટાકડા વેચી/વાપરી શકાશે. ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સધારક વેપારીઓ જ નિયમ મુજબ કરી શકશે. ઉપરાંત તમામ ઈ-કોમર્સ વેબસાઈટ ઓનલાઈન તમામ પ્રકારનાં ફટાકડાનું વેચાણ કરી શકશે નહિ. ફટાકડા બનાવવા માટે બેરીયમનાં ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે, દિવાળી તથા અન્ય તહેવારો નિમિત્તે ફટાકડા રાત્રે ૮.૦૦ થી ૧૦.૦૦ કલાક સુધી જ ફોડી શકાશે. તેમજ ક્રિસમસ અને નૂતન વર્ષનાં તહેવાર દરમિયાન ફટાકડા રાત્રે ૨૩.૫૫ કલાકથી ૦૦.૩૦ કલાક સુધી જ ફોડી શકાશે.

આ ઉપરાંત હંગામી ફટાકડા લાયસન્સ મેળવેલ ન હોય તેવા કોઈપણ વેન્ડર, લારી-ગલ્લા ટેમ્પરેરી શેડ બાંધીને ફટાકડાનું જે વેચાણ કરે છે, તેને અટકાવવા આવા વેપારીઓ સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ તથા ગુજરાત પોલીસ એક્ટ, ૧૯૫૧ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. પુખ્ત વ્યક્તિઓ સાથે ન હોય ત્યાં સુધી ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ફટાકડા વેચવાના રહેશે નહીં. ફટાકડાનાં સંગ્રહ અને વેચાણ દરમિયાન ધુમ્રપાન અથવા કોઈપણ પ્રકારના દીવા, ફાનસ, મીણબત્તીને મંજુરી આપવામાં નથી આવી. ફટાકડાની દુકાનમાં પર્યાપ્ત માત્રામાં અગ્નિશામક સાધનો, રેતીની ડોલ રાખવાની રહેશે. દુકાનની સામે કોઈ કામચલાઉ શેડ કે પ્લેટફોર્મ બનાવવાના રહેશે નહી તેમજ દુકાનમાં વિદ્યુત લાઈટનું વાયરીંગ યોગ્ય રીતે કરવાનું રહેશે. વધુમાં, હોસ્પિટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થા, કોર્ટ, ધાર્મિક સ્થળોથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં તેમજ જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર ફટાકડા ફોડી શકાશે નહીં તથા ચાઈનીઝ તુકકલ અને આતશબાજ બલુનના વેચાણ તેમજ ઉડાડવા પર પણ પ્રતિબંધ ફરવામાં આવે છે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૨૮.૧૦.૨૦૨૪ થી તા.૧૫.૧૧.૨૦૨૪ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

સોહમ્ ૨૪ સાપ્તાહિક દર ગુરૂવારે

આપની આજુબાજુમાં બનતી સમસ્યાનો ઉકેલ...

મોકલો અમને અમે કરીશુ ઉજાગર

બસ ઉઠાવો ફોન અને સ્કેન કરો કોડ...

સત્યમેવ જયતે Soham24

Email : soham24info@gmail.com www.soham24.com 75750 20982

# વિશેષ સમાચાર

## લીંબડી હાઇવે પર કારીગરે માનવતા મહેકાવી


તસવીર : અશ્વિનસિંહ રાણા

લીંબડી હાઇવે ભલગામડા સર્કલ પાસે આવેલા પરફેક્ટ સર્વિસ સ્ટેશનમાં રળોલ ગામના મહંમદભાઇ ની કાર સર્વિસ માટે આવી હતી. તે દરમિયાન ગાડીમાં પાછળ સીટ પાસે રોકડ રકમ પડી હતી. કાર સર્વિસ સ્ટેશનના કારીગર રાહુલ રાજેશ ધરજીયા ને કામ કરતા મળ્યા હતા. આથી તેણે આ રકમ રૂપિયા ૧૫ હજારની જાણ સંચાલક જયેશભાઇ ડાભીને કરી હતી. અને કાર ના મુળ માલિકને બોલાવી રૂપિયા ભરેલ પાકીટ પરત કરી માનવતા મહેકાવતા ઉજાગર કરી છે.



લીંબડીના ઘાઘરેટિયા ગામની સીમમાં અચાનક અજગર મળી આવવાની મળી બનતા દોડધામ મચી જવા પામી હતી. ગામ લોકોએ વન વિભાગને જાણ કરતા ૧૨ ફૂટના અજગરનું રેસ્કયુ કરીને પકડી લેવામાં આવતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. ફોરેસ્ટ ટીમના એચ.જી.તડવી તથા નિકુલ લકુમ, ઈસુભાઈ ચાવડા, નિલેશભાઈ, રણછોડભાઈ વિગેરેઓએ ગણતરીની કલાકોમાં અજગરનું સફળ રેસ્કયુ કરીને પકડી લેવામાં આવ્યો હતો. આ અજગર ઘાઘરેટીયા ગામની સીમ આવેલ વિરજીભાઈ સુંદરભાઈના ખેતરમાંથી તા.૨૪-૧૦ ના રોજ મળી આવ્યો હતો.

## ડેરવાળા તથા નાના અંકેવાળિયા ગામે આયુર્વેદ દિવસ નિમિત્તે કાર્યક્રમ યોજાયો



સુરેન્દ્રનગર:
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગર અને નિયામક આયુષની કચેરી ગાંધીનગર તેમજ જિલ્લા આયુર્વેદ અધિકારી સુરેન્દ્રનગરના માર્ગદર્શન હેઠળ વિશ્વ આયુર્વેદ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી. ગત તા.૨૩/૧૦ બુધવારના રોજ આયુષમાન આરોગ્ય મંદિર(આયુષ) ડેરવાળા તથા નાના અંકેવાળિયાનાં સંયુક્ત ઉપક્રમે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં એ.વી.ઓઝા કન્યાશાળાનાં સહયોગથી "૯મા વિશ્વ આયુર્વેદ દિવસ ની ઉજવણી" નિમિતે "AYURVEDA FOR WOMEN HEALTH" વિષયક આયુર્વેદ નિદાન સારવાર કેમ્પ તથા શિબીરનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં વૈધ માધવીબા સિંધવ, વૈધ યોગેન્દ્રસિંહ ગોહિલ, યોગ ઈન્સ્ટ્રક્ટર-આઉટસોર્સ સેવકો (ડેરવાળા,નાના અંકેવાળિયા) તથા એ.વી.ઓઝા શાળા પરીવાર દ્વારા સેવાઓ આપવામાં આવી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓનાં આરોગ્ય તપાસ, પ્રકૃતિ પરીક્ષણ, હર્બલ બ્રોશર વિતરણ, યોગશિબીર, કિશોરાવસ્થા-ઋતુ વિષયક સમજ આપવા સાથે આરોગ્ય લક્ષી માર્ગદર્શન તથા સારવાર કરવામાં આવી હતી.



વડોદરા મુકામે તાજેતરમાં ફેડરેશન ઓફ એકેડેમી એશો.(FAA) ની એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સુરેન્દ્રનગર એકેડેમી એશો. (SAA) ના એકિઝકયુટી અને મેમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સુરેન્દ્રનગર જિલ્લાના શિક્ષણ જગતને લગતા વિવિધ પ્રશ્નોના મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.આ બેઠકમાં સુરેન્દ્રનગર જિલ્લા માંથી હસમુખસિંહ પરમાર, ધર્મેન્દ્રસિંહ ઝાલા, રોહિતભાઈ ઓળકીયા, કનેશભાઈ સોલંકી વિગેરેઓ હાજર રહ્યા હતા.

## બીએપીએસ સ્વામિ. મંદિરે દિપોત્સવ અન્નકૂટોત્સવ

સુરેન્દ્રનગર નવા જંકશન બીપીએસ સ્વામિનારાયણ મંદિરે દિવાળી નિમિત્તે દિપોત્સવ અન્નકૂટોત્સવ સાથે શણગાર આરતીનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં તા.૩૧ ઓકટો.ને દિવાળી ગુરુવારે સાંજે ૪:૩૦ કલાકે દિવાળી ચોપડા પૂજન બાદ દિપોત્સવ આરતી તથા આતશબાજી યોજાશે. તેમજ તા.૨ નવે.ને શનિવારે નૂતન વર્ષ, અન્નકૂટોત્સવ નિમિત્તે સવારે ૫:૪૫ કલાકે ઠાકોરજીની મંગળા આરતી, ૬ કલાકે નૂતન વર્ષ વૈદિક મહાપૂજાવિધિ, ૭ કલાકે શણગાર આરતી, ૮ થી ૧૦ કલાકે નૂતન વર્ષ સત્સંગસભા તેમજ સવારે ૯:૩૦ થી ૧૦:૧૫ કલાકે થાળગાન અને અન્નકૂટ મહાઆરતી તેમજ સવારે ૧૦:૩૦ થી સાંજના ૫:૩૦ દરમિયાન હરિભકતો માટે અન્નકૂટ દર્શનનું આયોજન કરવામાં આવ્યાનું કોઠારી સાધુ ધર્મચિંતનદાસ દ્વારા જણાવવામાં આવ્યુ છે.



મુળીના ખાટડી ગામના ગ્રામ પંચાયત સદસ્યાએ તેમના જન્મ દિવસની અલગ રીતે ઉજવણી કરી છે. ધારાબા યુવરાજસિંહ ઝાલાના જન્મદિવસ નિમિત્તે નાના બાળકોને નાસ્તો કરાવવામાં આવ્યો હતો. તેમજ આ અગાઉ તેમના નિવાસ સ્થાને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમના પતિ યુવરાજસિંહ જનકસિંહ ઝાલા તેમજ ઝાલા પરિવારના પરિજનો પણ આ જનહિતના કાર્યમાં જોડાયા હતા.

**બે મકાન વેચવાના છે**
મોંઘીબેન છાત્રાલયની સામે, મારુતિનંદન સોસાયટી પાસે, મુળચંદ રોડ, ૮૭ ચો.મી.માં ૩ રૂમ, રસોડુ, એટેચ ટોયલેટ બાથરૂમ સાથે વ્યાજબી કિંમતે વેચવાના છે
મો.૭૫૬૭૫ ૩૪૯૯૮
૮૮૬૬૦ ૨૮૯૪૨

**વેચવાનું છે**
બેઓફિસ પાસે-પાસે, મીડલ પોઈન્ટ-૨ બીજા માળે, બેસાઈડની મોકાની, મેગામોલની બાજુમાં, સુરેન્દ્રનગર.
Mo.98255 96950
98791 90649

**મકાન વેચવાનું છે**
૧૧૬ વાર જગ્યા, જૈન સોસાયટી ૩ રૂમ, એક હોલ, કીચન સાથે, બ્લોક નં. ૭૪, વર્ધમાનનગર સોસાયટી, સુરેન્દ્રનગર. Mo.98791 90649, 94296 46093

**જોઇએ છે**
ફર્નિચર, એલ્યુમીનીયમ સેકશન અને ફેબ્રીકેશન નું કામ કરી શકે તેવા કારીગરો
M.80006 80802

# ધ્રાંગધ્રા કોલેજમાં ત્રિવેણી કાર્યક્રમો યોજાયા



ધ્રાંગધ્રા :

એસ.એસ.પી. જૈન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધ્રાંગધ્રાના નિવૃત્ત પ્રાધ્યાપિકા પ્રોફેસર નીતાબેન ત્રિવેદીના અનુદાન દ્વારા 'પ્રોફેસર એન.કે.ત્રિવેદી વાણિજ્ય પી.જી. સેન્ટર'ના નવા બિલ્ડીંગનું ખાતમુહૂર્ત તેઓના જ વરદ હસ્તે સંપન્ન કરવામાં આવ્યું. આ ઐતિહાસિક અવસરે સંસ્થાના પ્રમુખ ઈશ્વરભાઈ ઠક્કર, મંત્રી જયેશભાઈ પટેલ અને મેનેજીંગ કમિટીના સર્વે સભ્યો દ્વારા પ્રોફેસર નીતાબેન ત્રિવેદીનું સાલ ઓઢાડીને પુષ્પગુચ્છ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું.

ખાતમુહૂર્ત બાદ કોલેજના સ્થાનિક અધ્યાપક મંડળ દ્વારા હળવદ- એજ્યુકેશન સોસાયટીના નવ નિયુક્ત હોદ્દેદારો અને મેનેજીંગ કમિટીના સભ્યોનો અભિવાદન સમારોહ યોજવામાં આવેલ, જેમાં પ્રમુખ ઈશ્વરભાઈ ઠક્કર, મંત્રી જયેશભાઈ પટેલ, ડૉ. બી.આર. સિંઘવી, હર્ષદરાય શાહ, રમણીકલાલ મણિયાર, ચંદ્રકાંતભાઈ વ્યાસ, હસુભાઈ શાહ, મોહનભાઈ અગ્રવાલ સહિતના મેનેજીંગ કમિટીના સર્વે સભ્યો તેમજ આચાર્યનું શાલ ઓઢાડીને પુષ્પગુચ્છ અર્પણ કરીને અભિવાદન કરવામાં આવ્યું હતું.

અભિવાદન સમારોહ બાદ હિન્દી વિષયના વય નિવૃત પ્રોફેસર પ્રીતિબેન વ્યાસનો 'વિદાય સમારોહ' યોજવામાં આવ્યો, જેમાં સંસ્થાના પ્રમુખ, મંત્રી, અને મેનેજીંગ કમિટીના સભ્યોએ સાલ અને પુષ્પગુચ્છ અર્પણ કરીને નિવૃત્ત જીવનની શુભકામનાઓ પાઠવી હતી. પ્રાસંગિક પ્રવચન દરમિયાન આચાર્ય ડૉ. પ્રતીકભાઈ દવે અને ડૉ. દીપકભાઈ જોશીએ બહેન સાથેના સંસ્મરણોને યાદ કરીને શુભકામનાઓ પાઠવી હતી.

આ શુભ અવસરે કોલેજના આચાર્ય, સ્થાનિક અધ્યાપક મંડળના સર્વે સભ્યો, ઓફિસ સ્ટાફના સર્વે કર્મચારીઓ, હિન્દી વિષયના અધ્યાપકો તેમજ વર્તમાન અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વગેરેએ સ્મૃતિચિહ્ન, સાલ અને પુષ્પગુચ્છ વડે ડૉ.પ્રીતિબેન વ્યાસ નું સન્માન કરીને તેઓને નિવૃત્ત જીવનની મંગલમય શુભકામનાઓ પાઠવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્થાનિક અધ્યાપક મંડળના પ્રમુખ પ્રોફેસર ડૉ. જીવણભાઈ ડાંગર અને પ્રોફેસર સ્નેહલબેન પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. સમારંભના અંતે આભાર વિધિ સ્થાનિક અધ્યાપક મંડળના મંત્રી પ્રોફેસર ડૉ. નિલેશભાઈ મારવણીયાએ કરી હતી.

આ ત્રિવેણી સંગમ સમાન ઐતિહાસિક સમારોહને સફળ બનાવવા માટે પ્રોફે. રમણીકભાઈ પંડ્યા, પ્રોફે. જાગૃતિબેન રાવલ, પ્રોફે.કલ્પેશભાઈ કણજારીયા, પ્રોફે. દેવેશભાઈ ચૌધરી, પ્રોફે. નિલેશભાઈ લખતરીયા, પ્રોફે.પંકજભાઈ નીનામા, પ્રોફે. પરાગભાઈ પરમાર, ડૉ.રેહનાબેન શેખ, હિન્દી વિષયના મુલાકાતી અધ્યાપક વિમલરાજસિંહ પરમાર અને સ્થાનિક અધ્યાપક મંડળના તમામ સભ્યો સહિત સમગ્ર કોલેજ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.



સુરેન્દ્રનગર ખાતે દુધરેજ શાળા નં.૫ માં ફરજ બજાવતા શિક્ષક જનકભાઈ પ્રેમશંકર ભાઈ જોષી તા.૨૬/૧૦/૨૦૨૪ના રોજ વયનિવૃત થતા હરિપ્રકાશનગર સુરેન્દ્રનગરના સભ્યો દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.

# શિક્ષિકાનો નવૃતિ વિદાય સમારંભ યોજાયો



સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર એજ્યુકેશન સોસાયટી સંચાલિત કિરચંદભાઈ કોઠારી મિડલ સ્કૂલના કર્મચારી નીલાબેન બી. સંઘવીનો વિદાય તેમજ સન્માન સમારંભ યોજાયો. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ વિનોદીનીબેન શાહ તથા મુખ્ય અતિથિ આગેવાન વર્ષાબેન દોશી તથા ડો . અલકાબેન દેવમુરારી રહ્યા હતા. બી.આર.સી કો-ઓર્ડીનેટર નરેશભાઈ ભદ્રેશિયા, ફુલચંદભાઈ શાહ કુમાર મંદિરના આચાર્ય રીંકુબેન ક્રિશ્ચયન તથા કિરચંદભાઈ કોઠારી મિડલ સ્કૂલના આચાર્ય ઉર્મિલાબેન અમદાવાદિયા દ્વારા સન્માન પત્ર અર્પણ કરવામાં આવેલ. તેમજ નિવૃત્ત થતા નીલાબેન સંઘવીએ ૩૬ વર્ષ આ સંસ્થામાં ફરજ બજાવ્યા બાદ પોતાના મનની વાત પ્રતિભાવ રૂપે રજૂ કરી. કાર્યક્રમમાં સહકાર્યકરો, નિવૃત થયેલા સાથી કર્મચારી મિત્રો તેમજ નીલાબેન સંઘવીના પરિવારજનોએ ઉપસ્થિત રહેવા સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમના અંતે વિનોદિનીબેન શાહ એ નીલાબેનના નિવૃત્તિ બાદ તેમના ઉજવળ ભવિષ્ય અને નિરામય જીવન માટે શુભેચ્છા આપી હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા બંને વિભાગના આચાર્યો સહિત તમામ સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.

## રસપ્રદ વાનગી

# સોયાબીનની વાનગીઓ...

કઠોળમાં શ્રેષ્ઠ એવા સોયાબીનને હજી આપણે ઓળખી શક્યા નથી. જોકે સરકાર આજકાલ ટીવી તથા વર્તમાનપત્રો દ્વારા સોયાબીનનું મહત્ત્વ સમજાવવા આવ્યુ છે. હવે તો સોયા મિલ્ક પણ તૈયાર પેકેટમાં મળતુ થયુ છે. ત્યારે આપણે સોયાબીન વિષે થોડું જાણીએ અને તેનો આહારમાં ઉપયોગ જરૂર કરીએ. જેમ આપણે આધુનિક સાધનો અપનાવી રહ્યા છીએ તેવી જ રીતે આજની આધુનિક સ્ત્રીએ તેના રસોડામાં પણ આધુનિકતા, વૈજ્ઞાનિક દ્રષ્ટિ લાવવાની ખાસ જરૂર છે.

ભલે આપણે દાળ, ભાત, શાક, રોટલી, જમણમાં ખાતા હોઈએ, પરંતુ તેમાં વિવિધતાં, આધુનિકતા લાવવાની જરૂર છે. શરૂઆતમાં થોડી તકલીફ જરૂર પડશે. પરંતુ ધીરે ધીરે ટેવાઈ જવાશે. અને બધાને સ્વાદ અનુકૂળ આવી જશે. આમ સોયાબીનમાં પોષક તત્ત્વો એટલા બધા છે કે તેને કઠોળનો રાજા, સોનેરી વાલ, તથા સર્વોચ્ચ ખાદ્યપદાર્થ તરીકે ઓળખાય છે.

### પુલાવ

સામગ્રી

૧ કપ બાસમતી ચોખા (દેરાદૂની), ૧ કપ સોયાબીન (લીલા મળે તો) ૧/૨ કપ લીલા વટાણા, ૨ નંગ કાદાં, તજ, લવિંગ, કાજુ, દ્રાક્ષ, તમાલપત્ર તથા ઘી.

રીત

ચોખાને એક કલાક પહેલા પલાળો. વટાણા તથા સોયાબીન જુદા બાફો. ઘીમાં તજ, લવિંગ, જીરૂ, તમાલપત્ર નાંખી શેકી લો. ચોખાને શેકી, જીરૂ પૂરતું પાણી નાંખી ધીમા તાપે ચડવા દો. કાંદા સાતળી, તેમાં વટાણા તથા સોયાબીન સાંતળો પીરસતી વખતે પ્લેટમાં નીચે ભાત મૂકી ઉપર સોયાબીનનું પડ પાથરો, ઉપર થોડા તળેલાં કાજુ, દ્રાક્ષ નાંખી ગરમ પીરસો.

### સોયાબીન દાળ

સામગ્રી

૧ કપ સોયાબીન અથવા દાળ, ૧૦૦ ગ્રામ ટામેટા, ૧ નંગ કાંદો, આદુ, મરચાં, કોથમીર, મીઠું, મરચું, હળદર પ્રમાણસર, વઘાર માટે ઘી, તજ, લવિંગ મીઠો લીમડો.

રીત

દાળ અથવા કઠોળને ૬થી ૮ કલાક પલાળો પછી પ્રેશર કૂકરમાં બાફો. ઘીમાં કાંદો સાંતળી, ઉપરનો મસાલો શેકો, ટામેટા ઝીણાં સમારી નાંખો. સોયાબીન (બાફેલા) અથવા બાફેલી દાળ નાંખો, થોડું પાણી નાંખો, દસ મિનિટ ઉકળવા દો. ગરમ પીરસો.

### સોયાબીનની પકોડીઓ

સામગ્રી

૩૦૦ ગ્રામ બેસણ, ૧૦૦ ગ્રામ સોયાબીનનો લોટ, તળવા માટે ઘી, તેલ, લીલા મરચાં, મીઠું અને દળેલું મરચું, જોઈતા પ્રમાણમાં.

રીત

બેસન અને સોયાબીનનો લોટ ભેગો કરી લોટ બાંધીએ તે પ્રમાણે બાંધવો. લોટ બાંધતા પહેલાં લીલા મરચાંના ઝીણા-ઝીણાં ટુકડા કરી, મીઠું, અજમો, દળેલું મરચું નાખી બાંધવો ત્યાર બાદ કડાઈમાં ઘી અથવા તેલ નાંખી ધીમા તાપે તળવું. તળાઈ ગયા બાદ આ પકોડીઓ સાથે ચટણી બનાવી પીરસી શકાય છે. ખૂબ જ સ્વાદિષ્ટ તથા પૌષ્ટિક આહાર તૈયાર થાય છે.

### સોયાબીનના પરોઠા

સામગ્રી

૧ કપ સોયાબીનનો લોટ, ૩ કપ ઘઉંનો લોટ, ૨ ચમચી ઘી, (પૂરી, પરોઠા માટે), મીઠું.

રીત

બન્ને લોટ ભેગા કરી, મીઠું તથા મોણ નાંખી લોટ બાંધો. રોટલી માટે ઢીલો લોટ બાંધો, પૂરી, પરોઠા માટે સહેજ કઠણ બાંધો અને ઘી થોડું વધારે નાંખો. અને પસંદ પ્રમાણે રોટલી, પૂરી, પરોઠા વગેરે બનાવો.

RNI No.GUJGUJ/2015/60109 || Published to post at R.M.S. Surendranagar Published on thursday, posting every Friday- No.G/SEN/369/16-18

## આરોગ્ય વિષયક

# વ્યાયામના ફાયદા



- હાથ-પગનો દુ:ખાવો દૂર થાય છે
- ખરાબ કોલેસ્ટ્રોલને ઓછું કરે છે
- તણાવ દૂર કરવા
- બ્લડ પ્રેશર નિયંત્રિત કરે છે
- વજન ઘટાડવામાં મદદરુપ
- માંસપેશીઓને સ્વસ્થ રાખે છે

જેમ કોઈ પણ મશીનને સારી રીતે ચલાવવા માટે ઓઈલની સાથે સાથે તેના યોગ્ય સમારકામની જરુર હોય છે. તેમ માનવ શરીરને પણ સ્વસ્થ રાખવા માટે ભોજનની સાથે વ્યાયામની પણ જરુર પડે છે. પણ આજકાલની મોડર્ન લાઈફસ્ટાઈલમાં વ્યસ્ત લોકો વ્યાયામ કરી શકતા નથી. તેઓ શરીરને જરુરી એવા વ્યાયામ માટે સમય કાઢી શકતા નથી. જે તેમના સ્વાસ્થ્ય માટે નુકશાનકારક સાબિત થઈ શકે છે. તેના કારણે તેમને અનેક સ્વાસ્થ્યને લગતી સમસ્યાનો સામનો કરવો પડી શકે છે.

વેદોથી લઈને વડીલો સુધી સૌ એ વાતમાં માને છે કે સારા ભોજનની સાથે સાથે યોગ્ય વ્યાયામની પણ શરીર માટે જરુરી છે. વ્યાયામ શરીરને માનસિક અને શારીરિક રીતે સ્વસ્થ રાખે છે, જેનાથી માણસને આર્થિક નુકશાન પણ નથી થતું. ચાલો જાણીએ કે વ્યાયામ કરવાથી શરીરને કેવા ફાયદા થાય છે.

**હાથ-પગનો દુ:ખાવો દૂર થાય છે**

વધતી ઉંમરની સાથે સાથે ખરાબ જીવનશૈલીને કારણે પણ લોકોને હાથ-પગમાં દુખાવો થતો હોય છે અને હેલ્થી ભોજનને કારણે પણ આવી સમસ્યાનો સામનો કરવો પડે છે. તેનાથી છુટકારો મેળવવા માટે વ્યાયામ કરવુ જોઈએ. તેનાથી નબળાઈ અને થાક દૂર થાય છે. તેનાથી હાથ-પગનો દુખાવો દૂર થાય છે અને રોગ પ્રતિકારક શકિત પણ વધે છે.

**ખરાબ કોલેસ્ટ્રોલને ઓછું કરે છે**

શરીરમાં ખરાબ કોલેસ્ટ્રોલ હ્રદય સંબંધિત સમસ્યાઓ વધારે છે. તેના કારણે હાર્ટ એટેક પણ આવી શકે છે. તેનાથી બચવા અને તેની સંભાવના ઓછી કરવા નિયમિત વ્યાયામ કરવું જોઈએ.

**તણાવ દૂર કરવા**

નિયમિત રુપે વ્યાયામ કરવાથી તણાવ, માથાનો દુખાવો જેવી સમસ્યાઓ દૂર થાય છે. વ્યાયામ એન્ટી ડિપ્રેશનની દવા રુપે કામ કરે છે, તેનાથી યાદશક્તિ પણ વધે છે.

**બ્લડ પ્રેશર નિયંત્રિત કરે છે**

નિયમિત વ્યાયામ કરવાથી બ્લડ પ્રેશરની સમસ્યાઓ દૂર થાય છે.

**વજન ઘટાડવામાં મદદરુપ**

નિયમિત વ્યાયામ તમારા શરીરનું વજન ઘટાડવામાં તમારા માટે મદદરુપ સાબિત થશે. તેનાથી કેલરી અને ચરબી ઝડપથી દૂર થશે. તે તમારા પાચનતંત્રને પણ ઝડપી બનાવશે.

**માંસપેશીઓને સ્વસ્થ રાખે છે**

રોજ વ્યાયામ કરવાથી શરીરની માંસપેશીઓ સ્વસ્થ રહે છે. તે તમારા શરીરમાં લોહીનું પરિભ્રમણ સુધારે છે. તેનાથી મગજની કોશિકાઓ સક્રિય રહે છે.

# શિયાળામાં આ બાબતોનું રાખો ખાસ ધ્યાન...

હવામાન બદલાઈ રહ્યું છે, તાપમાનમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. હવે રાત્રે એસી ચલાવવાની જરૂર નથી, પરંતુ ઓછી સ્પીડમાં પંખો ચલાવ્યા પછી પણ પોતાને ચાદરથી ઢાંકવાની જરૂર છે. બદલાતી ઋતુઓમાં આપણે બધાએ આપણા સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવાની જરૂર છે, નહીં તો આપણું સ્વાસ્થ્ય બગડી શકે છે. બદલાતા હવામાનમાં વિવિધ રોગોથી કેવી રીતે બચી શકાય તે જાણીએ...

તાજા ફૂડ ખાઓ

બદલાતી ઋતુમાં શરીરને વધારાના પોષક તત્વોની જરૂર હોય છે. તમારા રોજિંદા આહારમાં તાજા ફળો, શાકભાજી, કઠોળ અને પ્રોટીનયુક્ત ખોરાકનો સમાવેશ કરો. નિષ્ણાતો કહે છે કે દરરોજ ચોક્કસ વિટામિન્સ યુક્ત ખોરાકનું સેવન કરવાથી તમે સંપૂર્ણપણે સ્વસ્થ રહી શકો છો. નારંગી, લીંબુ અને કેરી જેવા વિટામિન સીથી સમૃદ્ધ ફળો તમારી રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરે છે અને તમને શરદી અને ઉધરસ થી બચાવવામાં મદદ કરે છે.

ગરમ પાણી અને હાઈડ્રેશનનું ધ્યાન રાખો

બદલાતા હવામાનમાં આપણે ઘણીવાર ઓછું પાણી પીતા હોઈએ છીએ, પરંતુ આપણા શરીરને હાઈડ્રેટ રાખવું પણ એટલું જ જરૂરી છે. આખો દિવસ ઉકાળેલું પાણી પીવાથી આવું થાય છે. તે શરીરને અંદરથી ગરમ રાખવામાં મદદ કરે છે તે ગળા અને શ્વસન માર્ગને મોઈશ્ચરાઈઝ કરવામાં પણ મદદ કરે છે, ચેપનું જોખમ ઘટાડે છે



પૂરતી ઊંઘ લો

શિયાળામાં શરીરને યોગ્ય આરામ અને પૂરતા પ્રમાણમાં પાણીની જરૂર હોય છે. પૂરતી ઊંઘ રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવામાં મદદ કરે છે, જે તમારા શરીરને રોગ સામે લડવા માટે તૈયાર કરે છે. તાજગી અનુભવવા અને રોગોથી બચવા માટે દરરોજ ઓછામાં ઓછી ૭-૮ કલાકની ઊંઘ લો.

યોગ્ય કપડાં પહેરો

હવામાન પ્રમાણે યોગ્ય કપડાં પહેરવા જરૂરી છે. જ્યારે બહાર ઠંડી હોય ત્યારે ગરમ કપડા પહેરો. તમારા માથા, હાથ અને પગને ઢાંકો, કારણ કે આ અંગોથી શરીરનું તાપમાન ઝડપથી ઘટી જાય છે.

વ્યાયામ

આ સિઝનમાં તમારા શરીરને સક્રિય રાખવું જરૂરી છે. યોગ, વૉકિંગ અથવા સ્ટ્રેચિંગ જેવી હળવી કસરતો નિયમિતપણે કરો. આ ના માત્ર શરીરને ગરમ રાખે છે, પરંતુ રોગપ્રતિકારક શક્તિને પણ મજબૂત બનાવે છે.

સમતોલ આહાર લેવો

સમતોલ આહારને ત્રણ ખાદ્ય જૂથમાં વર્ગીકૃત કરી શકાય છે જેમ કે, શક્તિ આપતા ખાદ્યપદાર્થો કે જેમાં અનાજ, કંદમૂળ, ઘી, તેલ, ખાંડ, ગોળનો સમાવેશ થાય છે. વૃદ્ધિ વિકાસ અને ઘડતર કરતાં ખાદ્યપદાર્થો જેમાં દૂધ અને દૂધની બનાવટો, કઠોળ જેવા ખોરાક લઈ શકાય. આ ઉપરાંત લીલા પાંદડા વાળા શાકભાજી, પીળા અને નારંગી રંગના શાકભાજી, ખાટા ફળો, પીડા અને નારંગી રંગના ફળો કે જે રક્ષણ અને નિયમન કરતા ખાદ્ય પદાર્થો છે તેનો આહાર લઈ શકાય. ફળો અને શાકભાજી કે જે કુદરતી રીતે પાકે છે તેનો સ્વાદ વધુ સારો હોય છે, તે તાજા હોય છે અને ફ્રિઝર્ડ ફળોની તુલનામાં સૌથી વધુ પોષક તત્વો આપે છે. શિયાળામાં જામફળ, દાડમ અને આમળા જેવા ફળો ત્વચાની ગુણવત્તા સુધારી શકે છે. અખરોટ હ્રદય અને માનસિક સ્વાસ્થ્યમાં મદદ કરી શકે છે. શાકભાજી, કઠોળ અને જવથી બનેલા સૂપ ઠંડીમાં શરીરને ગરમ રાખી શકે છે અને પોષણ મેળવી શકાય છે.

આપના ધંધાની જાહેરાત માટેનું સર્વશ્રેષ્ઠ માધ્યમ

સત્યમેવ જયતે
Soham24

સોહમ્ ૨૪ પ્રિન્ટ મિડીયાના માધ્યમથી
75750 20982
અમે આપના વ્યવસાયની જાણકારી પહોંચાડવાનું ઉત્તમ માધ્યમ
આપના ધંધાની જાહેરાત વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવાનું શ્રેષ્ઠ માધ્યમ

ટચુકડી ૧ લાઈનના રૂ.૧૫/-
(સોમવાર સાંજ સુધીમાં સ્વીકારવામાં આવશે)
છુટક નકલના રૂ.૫-૦૦
વાર્ષિક લવાજમ : રૂ.૪૦૦

બ્લેક એન્ડ વાઈટ
અંદરના પાને : રૂ.૭૫/- પ્રતિ સે.મી.
છેલ્લા પાને : રૂ.૧૫૦/- પ્રતિ સે.મી.
પહેલા પાને : રૂ.૨૦૦/- પ્રતિ સે.મી.

કલર
અંદરના પાને : રૂ.૧૨૫/- પ્રતિ સે.મી.
છેલ્લા પાને : રૂ.૨૦૦/- પ્રતિ સે.મી.
પહેલા પાને : રૂ.૨૫૦/- પ્રતિ સે.મી.

રાજનાથ મહાદેવ મંદિર પાસે, કુંથુંનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર, શોપ નંબર - ૨, પહેલા માળે, સુરેન્દ્રનગર. Email : soham24info@gmail.com

ખાસ નોંધ : સોહમ૨૪ ન્યુઝનાં આર્ટીકલમાં આપેલા કોઈપણ આરોગ્ય સબંધિત બાબતો (નુસખા-ટીપ્સ)નો ઉપયોગ કરતા પહેલા ડોક્ટરની સલાહ લેવી.

# ફટાકડા ફોડતા પહેલા આ સાવધાની રાખવી જરૂરી

## આટલી સાવચેતી રાખવી જરૂરી છે

- ફટાકડા ફોડતા સમયે પાણીની ડોલ પાસે ભરીને રાખવી
- નાના બાળકોને બોમ્બ અને કોઠી જેવા ફટાકડાથી દૂર રાખવા
- ફટાકડા ફોડતી વખતે કોટનના અને આખી બાયના કપડા પહેરવા
- ફટાકડા ફોડતા સમયે સિન્થેટિક કપડા પહેરવાનું ટાળવું
- ફટાકડા ફોડતી સમયે બુટ કે ચપ્પલ પહેરવા ખુબ જરુરી
- જે ફટાકડાથી આગની સંભાવના હોય તેવા ફટાકડાથી દૂર રહેવું
- નાના બાળકોને જાતે ફટાકડા ફોડવા ક્યારેય આપવા નહિ
- ટીખળ માટે ખાલી પડેલા માટલામાં બોમ્બ ફોડવા નહિ



દિવાળીનો તહેવાર આવતા જ લોકોમાં આનંદ છવાઈ જાય છે. નાના બાળકો સાથે સાથે મોટા લોકો પણ ફટાકડા ફોડવા માટે ઉત્સાહમાં આવી જાય છે. આ સાથે જ દિવાળીનો તહેવાર આવે તે પહેલાથી જ બાળકોએ ફટાકડા ફોડી દિવાળીની ઉજવણી શરુ કરી દીધી છે. ત્યારે ખાસ વાત એવી છે કે, દિવાળીના દિવસે લોકો સૌથી વધારે ફટાકડા ફોડતા હોય છે. પરંતુ દિવાળીના તહેવારની ઉજવણી જીવનભરની સજા ન બની જાય તે માટે સાવધાની રાખવી પણ જરુરી છે. કારણ કે આપણી જિંદગી આપણા સાથે સાથે પરિવાર માટે પણ મહત્વની છે.

તબીબી નિષ્ણાતો અને ફાયર વિભાગના એક્સપર્ટના જણાવ્યા પ્રમાણે દિવાળીના તહેવાર દરમિયાન આગ અકસ્માતની ઘટનાઓમાં વધારો થયો છે. ફટાકડાની એક નાનકડી ચિન્ગારી આગનો મોટો અકસ્માત સર્જી જીવને જોખમમાં મુકી શકે છે. ત્યારે આવા ફટાકડા ફોડતા સમયે સાવધાની રાખવી પણ એટલી જ જરુરી છે. દિવાળીના તહેવારને પ્રકાશનું પર્વ કહેવામાં આવે છે. લોકો ઘરના આંગણે દિપ પ્રગટાવી અને બાળકો મોટાઓ ફટાકડા ફોડી દિપાવલીના પર્વની ઉજવણી કરતા હોય છે.

આજકાલ બજારમાં મોટા ધડાકાઓ કરતા ફટાકડાઓની પણ ભારે માગ રહેતી હોય છે. આવા ફટાકડા ફોડવામાં બાળકોને સૌથી વધુ મજા પડતી હોય છે. પરંતુ દિવાળીના ફટાકડાની આ મજા ક્યાંક સજા ન બની જાય તે પણ લોકોએ ખાસ ધ્યાન રાખવુ જોઈએ. દિવાળીના તહેવાર દરમિયાન સૌથી વધુ આગ અકસ્માતની ઘટનાઓ બનતી હોય છે. આ ઘટનાઓ મોટા ભાગે ફટાકડાના કારણે જ બને છે. આવી આગની ઘટનાઓ સામાન્ય દિવસો કરતા ૭૦ ટકા વધારે હોય છે. એટલે જ લોકોએ ફટાકડા ફોડતી વખતે સાવધાની રાખવી જરુરી છે. ફટાકડા ફોડવાથી દૂર રહેવું જોઈએ. ફટાકડા ફોડતી વખતે સૌથી પહેલા આપણી સલામતી સાથે અન્ય લોકોની સલામતી પણ એટલી જ જરુરી છે.




# બેસતા વર્ષે સબરસ લેવાનું મહત્વ



કારતક સુદ એકમ એટલે બેસતું વર્ષ. જેને આપણે નૂતન વર્ષ પણ કહીએ છીએ. હિન્દુ ધર્મમાં આ દિવસનું ખૂબ મહત્વ રહેલું છે. આ દિવસે લોકો એકબીજાને મળી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવે છે. આની સાથે તળાવમાંથી મીઠું કાઢવાની એક પ્રાચીન પરંપરા પણ જોડાયેલી છે. જે સબરસ તરીકે ઓળખાય છે.

ખાસ કરીને ગામડાના લોકો નવા વર્ષને અનોખી રીતે ઉજવે છે. નવા વર્ષને આવકારવા ઘર આંગણે રંગબેરંગી રંગોળી બનાવે છે. આ દિવસે સવારે નવા નવા કપડાં પહેરી લોકો દેવદર્શન કરવા જાય છે. વડીલોના આશીર્વાદ મેળવે છે. ત્યારબાદ એકબીજાને નવા વર્ષની શુભકામનાઓ પાઠવવા નીકળી પડે છે. આ બધી પરંપરાઓ આજે ફક્ત ગામડાઓમાં જ જોવા મળે છે.

એવું કહેવાય છે કે પ્રાચીન સમયમાં વાર-તહેવારે સૌ સાથે ભેગા મળીને ઉત્સવો ઉજવતા. સુખ-દુઃખમાં એકબીજાની મદદ કરતા. જે એક એકતાનું પ્રતિક ગણાતુ.આમાંની એક પરંપરા બેસતા વર્ષ સાથે સંકળાયેલી છે.

આ દિવસે લોકો બાષ્પી ભવન થયેલા તળાવો માંથી મીઠું એકઠું કરતા. આ મીઠાના પથ્થરો ભેગા કરી ગામના દરેક લોકોમાં વિતરણ કરતા. જેને સબરસ કહેવાય છે. આ સબરસનો મતલબ એ થાય છે કે, આપણે સૌ એક છીએ. આ સબરસ આપણા સૌના જીવનમાં સુખ-સમૃદ્ધિ લાવતી હોવાની પરંપરા પ્રચલીત છે.

# અજવાળાનો એક અર્થ સ્પષ્ટતા

દિવાળી કે દિપાવલી, ''પ્રકાશનું પર્વ'' છે. પ્રકાશ શા માટે મનુષ્ય જીવનમાં આટલું મહત્ત્વ ધરાવે છે તેનું એક કારણ એ કે, તે આપણી દ્રષ્ટિ ઇન્દ્રીય સાથે સંબંધિત છે. બીજા બધાં જીવો માટે પ્રકાશનો અર્થ જીવન ટકાવી રાખવા માત્ર છે. પરંતુ એક મનુષ્ય માટે, પ્રકાશ માત્ર જોવા કે ન જોવા સુધી સીમિત નથી. આપણા જીવનમાં પ્રકાશનો ઉદય એક નવી શરૂઆત સૂચવે છે.

એક મહાન સંભાવના બનવાના બદલે મોટાભાગના લોકો માટે બુદ્ધિમત્તા એક સમસ્યા બની ગઈ છે. તેઓ પોતાની પીડાઓને વિભિન્ન નામો આપે છે, તેને તણાવ, વ્યગ્રતા, ડીપ્રેશન, ગાંડપણ અથવા વ્યથા કે દુઃખ કહે છે. પરંતુ મૂળભૂત રીતે તેનો અર્થ છે કે, તેઓની બુદ્ધિમત્તા તેમની વિરુદ્ધ કાર્ય કરી રહી છે. જો તમે પોતાની જાતે પીડા ભોગવો છો, કોઈ બીજાના ત્રાસ વગર તો તેનો અર્થ છે કે, તમારી બુદ્ધિમત્તા તમારી વિરુદ્ધ કામ કરી રહી છે. આ માનવ અસ્તિત્ત્વનો સ્વભાવ હોવાથી, સ્પષ્ટતાનું સર્વોચ્ચ મહત્વ છે. તેથી જ પ્રકાશ મહત્વપૂર્ણ છે. પ્રકાશ એટલે સ્પષ્ટતા. દિવાળી મહત્વપૂર્ણ છે કારણ કે, તે તમારામાં રહેલી મૂર્ખતાને દૂર કરવા માટે સ્પષ્ટતા માટે સમર્પિત તહેવાર છે.

ઐતિહાસિક રીતે આ દિવસે કૃષ્ણએ નરકાસુરનો વધ કર્યો હતો. નરકાસુર તેનું સાચું નામ નહોતું, પરંતુ તે બધાને નર્ક સમાન ત્રાસ આપતો હતો એટલે તેઓ તેને નરકાસુર કહેતાં હતા. જે બીજા બધાને ત્રાસ કે પીડા આપે તે નરકાસુર કહેવાય. જયારે કૃષ્ણએ આ ''ત્રાસથી'' મુક્તિ અપાવી ત્યારે લોકોએ ઘેર ઘેર દીવાઓ પ્રગટાવીને તેની ઉજવણી કરી. એવું મનાય છે કે આ નરકાસુરવાળી ઘટના ઘણા સમય બાદ ઘટી, પરંતુ આ સમયે દીવા પ્રગટાવવાની સંસ્કૃતિ અને પરંપરા લગભગ બારથી પંદર હજાર વર્ષ પુરાણી છે. લોકોને સમજાયું કે વર્ષના આ સમયે જીવન એક નિષ્ક્રિયતા તરફ પ્રયાણ કરે છે. તેનો હેતુ એ છે કે તમે એક ફટાકડા સમાન જીવંત ન હો તો ઓછામાં ઓછું તમારી આસપાસ ફૂટતા ફટાકડા તમને થોડાક અંશે જગાડી દેશે. આ કારણે નરક-ચતુર્દશી પર લગભગ સવારનાં ચાર વાગ્યાથી આખા દેશમાં ફટાકડા ફોડવામાં આવે છે કે જેથી સૌ કોઈ જાગી જાય અને જીવંત બને.

આ તો વાત થઈ તહેવારની પ્રકૃતિની, પરંતુ મહત્ત્વનું પાસું છે કે, નિષ્ક્રિયતા દૂર થાય. જીવન સમય અને ઊર્જાનો ખેલ છે. તમારી પાસે અમુક પ્રમાણમાં સમય અને અમુક પ્રમાણમાં ઊર્જા છે. તમે વ્યસ્ત હો કે સુસ્ત, સજા કે માંદા, સમય પસાર થયા કરે છે. આપણા સૌ માટે, સમય સરખી માત્રામાં પસાર થાય છે. કોઈપણ તેને ધીમો નથી પાડી શકતું કે વધારે જલ્દી ચલાવી નથી શકતું. પરંતુ તમારો સમયને અનુભવવાનો આધાર અલગ હોય શકે છે, જે તમારા આનંદિત કે દુઃખી હોવા પર નિર્ભર છે. જો તમે અતિઆનંદમાં છો, તો ચોવીસ કલાક એક ક્ષણની જેમ પસાર થતો જણાશે. જો તમે દુઃખી કે હતાશ હશો તો ચોવીસ કલાક તમારા માટે એક યુગ સમાન જણાશે. જો તમે આનંદિત હશો તો આ જીવન ખુબ ટૂંકું છે. જે પ્રમાણની ક્ષમતા એક મનુષ્ય ધરાવે છે, જો તમે સો વર્ષ જીવશો તો પણ તે ઘડીક વારમાં પસાર થઈ જશે. પરંતુ તમારામાં જો નિષ્ક્રયતા આવી ગઈ છે અને તમે દુઃખી છો, તો પછી એવું લાગે કે સમય પસાર જ નથી થતો.

દિવાળીના દિવસે દરેક ગામડા, કસ્બા કે શહેરને દીવાઓ વડે શણગારવામાં આવે છે. પણ આ ઊજવણી માટે માત્ર બહાર દીવા બળવા જ પૂરતા નથી, અંતરમાં પણ ઉજાસ પ્રગટવો જોઈએ. અજવાળાનો એક અર્થ સ્પષ્ટતા છે. સ્પષ્ટતાના અભાવે તમારા દરેક બીજા સારા ગુણો પણ ફાયદાને બદલે નુકસાન કરી શકે છે કારણ કે, સ્પષ્ટતા વગરનો વિશ્વાસ એક આફત છે અને આજે દુનિયામાં ઘણી બધી વસ્તુઓને વગર સ્પષ્ટતાએ કરવામાં આવતી હોય છે. જરૂરી સ્પષ્ટતા વગર તમે જે પણ કરવાનો પ્રયત્ન કરશો તે આફત જ લાવશે. પ્રકાશ તમારે માટે દ્રશ્ય સ્પષ્ટ કરશે - માત્ર ભૌતિક રૂપમાં નહીં. તમે કેટલી સ્પષ્ટતાથી જીંદગીને અને આસપાસની બાબતોને જોઈ અને સમજી શકો છો એના પર તમે કેટલી સંવેદનશીલતાથી જીવનનું સંચાલન કરી શકો એનો આધાર છે, દિવાળી એ દિવસ છે.

## મનોરંજન

# ચુલબુલ પાંડેની એન્ટ્રી સલમાને 'સિંઘમ અગેઇન' માટે શૂટ કર્યુ





રોહિત શેટ્ટીની 'સિંઘમ અગેઈન' દિવાળી પર રિલીઝ થઈ રહી છે, તેની તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે, અનેક લોકો તેમના ગમતા કલાકારોને એક જ ફિલ્મમાં એકસાથે જોવા આતુર છે. આટલો મોટો કલાકારોનો કાફલો નાનો હોય એમ થોડાં વખત પહેલાં આ ફિલ્મમાં ચુલબુલ પાંડે એટલે કે સલમાન ખાનની સ્પેશિયલ એન્ટ્રી અંગે પણ જોરશોરથી જાહેરાત કરવામાં આવી હતી. નવરાત્રિ દરમિયાન થયેલી એનસીપી નેતા બાબા સિદ્દિકીની હત્યા બાદ સલમાનને બિશ્નોઈ ગેંગ દ્વારા મળી રહેલી સતત ધમકીઓ બાદ તેની સુરક્ષાના કારણોસર અજય દેવગન અને રોહિત શેટ્ટીએ સલમાનની એન્ટ્રીનો પ્લાન પડતો મુક્યો હોવાના પણ અહેવાલો બે દિવસથી આવી રહ્યા હતા. પરંતુ હલે સલમાનના ફૅન્સ માટે ફરી એક વખત ખુશીના સમાચાર છે અને હવે 'સિંઘમ અગેઈન'માં દબંગ ઈન્સ્પેક્ટર ચુલબુલ પાંડેની એન્ટ્રી કન્ફર્મ થઈ ગઈ છે. કારણ કે હવે સલમાને આ સીન માટે શૂટ પણ કરી લીધું છે. સલમાને અજય દેવગન અને રોહિત શેટ્ટી સાથેના સંબંધોને કારણે આ કેમિયો કરવાની હા પાડી હતી અને હવે તેણે પોતાનું આ વચન પાડ્યું છે. આ અંગેની અપડેટથી સોશિયલ મીડિયા પર સલમાન ખાનના ઘણા વખાણ થઈ રહ્યા છે.કેટલાંક યુઝરે તેના માટે ચુલબુલ પાંડેનો જાણીતો ડાયલોગ લખીને વખાણ કર્યા હતા, "એક બાર જો મેને કમિટમેન્ટ કર દિયા તો, મેં અપને આપ કી ભી નહીં સુનતા". તો કેટલાંકે તેને ખરો 'ટાઈગર' ગણાવીને એવું પણ કહ્યું હતું કે આટલી ધમકીઓ છતાં તે હાલ 'સિકંદર', 'બિગ બોસ' અને 'સિંઘમ અગેઈન' એમ એક સાથે ત્રણ પ્રોજેક્ટ માટે કામ કરી રહ્યો છે, આ ખરો હિરો છે, જે કોઈ ધમકી કે ડર અટકાવી શકતાં નથી. સલમાનનો કેમિયો કેન્સલ થયાના અહેવાલોથી નિઃરાશ થયેલા તેના ફૅન્સ હવે ફરી ખુશ થઈ ગયા છે. વિવિધ પ્રકારના અહેવાલો અનુસાર ફિલ્મના પોસ્ટ ક્રેડિટ સીનમાં સલમાનનો ચુલબુલ પાંડે તરીકેનો કેમિયો બતાવવામાં આવશે.

રેલ્વે ના ભાડા માં પ્લેન ની મુસાફરી
Prayosha trip
Happiness....... Dil se..
Mo. 91737 33704, 63546 62626
SHOP NO. 3, 2ND FLOOR, SHIV LAHERI COMPLEX,
NEAR MAHALAXMI CINEMA, SURENDRANAGAR - 363001
દિલ્હી - અક્ષરધામ
હરિદ્વાર
ઋષીકેશ - દહેરાદુન - મસુરી
ગોકુળ - મથુરા - વૃંદાવન - આગ્રા
AC 2 X 2 Bus | AC Hotel
જતા પ્લેન આવતા ટ્રેન
દિવસ-૬ 15400/-PP
દક્ષિણ ભારત
બેંગલોર - મૈસુર - ઉંટી - મદુરાઇ - કોડાઈકેનાલ - કન્યાકુમારી
પદ્મનાભમ મંદિર - ત્રિવેન્દ્રમ- કેરાલા - રામેશ્વરમ - શ્રીરંગમ - મહાબલીપુરમ - તીરૂપતી બાલાજી
AC 2 X 2 Push Back Bus
જતા-આવતા પ્લેન
દિવસ-૧૩ 30200/-PP
સ્પે. કેરાલા
કોચીન - મુન્નાર - થેક્કડી
એલ્લપી - કોવાલમ - ત્રિવેન્દ્રમ
AC Volvo Bus
AC 2 X 2 Bus | AC Hotel
જતા-આવતા પ્લેન
દિવસ-૮ 34500/-PP
સ્પે. નેપાળ
વારાણસી - પ્રયાગરાજ
અયોધ્યા - છપૈયા - પોખરા
AC 2 X 2 Bus | Non AC Hotel
જતા-આવતા પ્લેન
દિવસ-૧૧ 26500/-PP
સ્પે.ગંગાસાગર
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ચંપારણ, રાયપુર
AC 2 X 2 Bus | AC Hotel
જતા આવતા પ્લેન
દિવસ-૯ 33000/-PP
સીમલા - મનાલી
દિલ્હી - પીંજોરગાર્ડન - કુફરી
કુલુ સ્નો પોઈન્ટ - ડેલહાઉસી
ખજીયાર - વાઘા બોર્ડર (અટારી બોર્ડર) - અમૃતસર
AC 2 X 2 Bus
જતા પ્લેન આવતા ટ્રેન
દિવસ-૯ 25000/-PP
વધુ માહિતી માટે ફોન નંબર ઉપર સંપર્ક કરો.
રહેવા તથા જમવા સાથે ઉપર ના બધા જ પેકેજ માં 5% GST Extra

# "પુષ્પા ૨" ફિલ્મ રિલીઝની તારીખ ફરીથી બદલાઈ

## અલ્લુ અર્જુને પોતે કરી નવી તારીખની જાહેરાત




પુષ્પા ૨ ફિલ્મ રિલીઝની તારીખ ફરીથી બદલાઈ, અલ્લુ અર્જુને પોતે કરી નવી તારીખની જાહેરાતઅલ્લુ અર્જુનની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'પુષ્પા ૨: ધ રૂલ'ની નવી રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે. આ ફિલ્મ અગાઉ ૬ ડિસેમ્બરે રિલીઝ થવાની હતી, પરંતુ અલ્લુ અર્જુને પોતે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને નવી રિલીઝ ડેટ જાહેર કરી છે.અલ્લુ અર્જુને થોડા સમય પહેલા પુષ્પા ૨ નું પોસ્ટર શેર કરીને નવી તારીખનો ખુલાસો કર્યો છે. આ પોસ્ટરમાં અલ્લુ અર્જુન મોંમાં સિગાર અને હાથમાં પિસ્તોલ લઈને ઉભો જોવા મળી રહ્યો છે.પોસ્ટના કેપ્શનમાં, અભિનેતાએ હેશટેગના ઉપયોગ સાથે લખ્યું છે, "પુષ્પા ૨ ધ રૂલ ૫ ડિસેમ્બરે આવી રહ્યું છે".તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૨૧માં આવેલી પુષ્પા ફ્રેન્ચાઈઝીનો બીજો ભાગ અગાઉ ૬ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ રિલીઝ થવાનો હતો. જો કે, હવે તેમાં ફેરફાર કરવામાં આવ્યા છે અને તે નિર્ધારિત રિલીઝ તારીખના ૧ દિવસ પહેલા એટલે કે ૫મી ડિસેમ્બરે રિલીઝ થશે.નિર્માતાઓના આ નિર્ણયથી ફિલ્મને ફાયદો થઈ શકે છે કારણ કે જો ફિલ્મ ૬ તારીખે રિલીઝ થઈ હોત તો તેને વીકએન્ડના એક દિવસ પહેલા જ મળી હોત, પરંતુ ફિલ્મ શુક્રવારને બદલે ૫ ડિસેમ્બરે ગુરુવારે રિલીઝ થશે. જેના કારણે ફિલ્મને વીકએન્ડના ૨ દિવસ પહેલા એટલે કે વીકેન્ડ સુનામીના ૨ દિવસ પહેલા તોફાન શરૂ થઈ ગયું હશે.પુષ્પા ૨ ધ રૂલની વાર્તા ત્યાંથી શરૂ થશે જ્યાં પાછલી ફિલ્મની વાર્તા સમાપ્ત થઈ હતી. ફિલ્મનું ટ્રેલર આવ્યું ત્યારથી જ દર્શકોમાં આ ફિલ્મનો ક્રેઝ છે. આ ફિલ્મ એક સામાન્ય માણસની બ્રાન્ડ બનવાની વાર્તા કહે છે.ફિલ્મમાં અલ્લુ અર્જુન-રશ્મિકા મંદન્ના લીડ રોલમાં જોવા મળશે. આ સિવાય ફહદ ફાસીલ પણ ફિલ્મમાં મહત્વની ભૂમિકામાં જોવા મળશે. પ્રિયમણી, શ્રીતેજ અને અનુસૂયા ભારદ્વાજ પણ ફિલ્મનો એક ભાગ છે.જ્યાં ૨૦૨૧ માં રીલિઝ થયેલી ફિલ્મ પુષ્પાએ ઘણી બધી ચલણી નોટો સાથે ઘણા એવોર્ડ મેળવ્યા હતા. જ્યારે પુષ્પા ૨ ધ રૂલ રિલીઝ પહેલા જ સો કરોડનો બિઝનેસ કરી ચૂકી છે.તમને જણાવી દઈએ કે એકલા ફિલ્મના મ્યુઝિક રાઈટ્સ ૬૫ કરોડ રૂપિયામાં વેચાયા છે. નિર્માતાઓએ સેટેલાઈટ રાઈટ્સમાંથી ૮૫ કરોડ રૂપિયાની કમાણી પણ કરી છે. તમને જણાવી દઈએ કે ફિલ્મના નોન થિયેટ્રિકલ રાઈટ્સથી કમાણી ૪૨૫ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે.પુષ્પા (૨૦૨૧) એ બોક્સ ઓફિસ પર ૩૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. પુષ્પા ૨ ના બોક્સ ઓફિસ આંકડા, જે તેની રિલીઝ પહેલા આવી રહ્યા છે, તે દર્શાવે છે કે ફિલ્મ સુનામી લાવવા જઈ રહી છે.ફિલ્મે રિલીઝ પહેલા આંધ્ર પ્રદેશ અને તેલંગાણામાંપ્રી-બિઝનેસમાં રૂ. ૨૨૦ કરોડની કમાણી કરી લીધી છે. તેણે ઉત્તર ભારતમાં ૨૦૦ કરોડ રૂપિયા, કર્ણાટકમાં ૩૦ કરોડ રૂપિયા, કેરળમાં ૨૦ કરોડ રૂપિયા, તમિલનાડુમાં ૫૦ કરોડ રૂપિયા અને આંતરરાષ્ટ્રીય બજારમાં લગભગ ૧૫૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે.

# સુપરસ્ટાર સલમાન ખાનને ધમકી આપનારો તો શાકવાળો નીકળ્યો

## બિશ્નોઈના નામે ધમકી આપી હતી, ૫ કરોડની ખંડણી માંગી હતી

સુપરસ્ટાર સલમાન ખાનને ધમકી આપવાના કેસમાં મુંબઈની વર્લી પોલીસે એકની ધરપકડ કરી છે. થોડા સમય પહેલા એક યુવકે સલમાનને ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના નામે ધમકી આપી હતી. ૫ કરોડની ખંડણી માંગી હતી. હવે તે યુવકની જમશેદપુરથી અટકાયત કરવામાં આવી છે.પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ ધમકી આપનાર વ્યક્તિ શાકભાજી વેચવાનું કામ કરે છે. તેણે તાજેતરમાં ટીવી પર લોરેન્સ બિશ્નોઈને સલમાન ખાનને મારી નાખવાની ધમકી આપતા સમાચાર જોયા હતા. આ પછી તેને પણ ખંડણીની માંગ કરવાનો વિચાર આવ્યો. વ્યક્તિએ મુંબઈ ટ્રાફિક પોલીસના વોટ્સએપ નંબર પર ધમકીભર્યો મેસેજ મોકલ્યો અને પછી તેનો મોબાઈલ સ્વીચ ઓફ કરી દીધો.પકડાયેલ વ્યક્તિનું નામ શેખ છે અને તેની ઉંમર ૨૪ વર્ષ છે. શેખે પોલીસને આપેલી માહિતી મુજબ, તે પહેલા શાકભાજી વેચતો હતો, પરંતુ હાલમાં તે કંઈ કરતો નથી. મેસેજ કર્યા પછી શેખે માફી માંગતો મેસેજ મોકલ્યો. મુંબઈ ટ્રાફિક પોલીસને ધમકીભર્યો મેસેજ મળ્યા બાદ પોલીસે અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ કેસ નોંધીને તપાસ શરૂ કરી હતી.પોલીસે આરોપીના મોબાઈલ નંબરને ટ્રેસ કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ નંબર સ્વીચ ઓફ હતો. મુંબઈ પોલીસ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે આ મેસેજ ક્યાંથી મોકલવામાં આવ્યો હતો. તેને ખબર પડી કે જમશેદપુરથી મેસેજ આવ્યો છે. જમશેદપુરમાં સ્થાનિક પોલીસની મદદથી તપાસ કરવામાં આવી હતી અને હવે મેસેજ મોકલનાર વ્યક્તિને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે.આ વ્યક્તિએ તેના ધમકીભર્યા મેસેજમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગનું નામ લીધું હતું અને સલમાન ખાન પાસેથી ૫ કરોડ રૂપિયાની ખંડણી માંગી હતી. મેસેજમાં લખ્યું હતું, 'આને હળવાશથી ન લો. જો સલમાન ખાને જીવિત રહેવું હોય અને લોરેન્સ બિશ્નોઈ સાથેની દુશ્મની ખતમ કરવી હોય તો તેણે ૫ કરોડ રૂપિયા ચૂકવવા પડશે.

# બાલવાડી




એક દિવસ એક કાચબો શાંતિથી ધીમે ધીમે ચાલતો જતો હતો. ત્યાં સસલાનું એક ટોળું તેની પાસેથી નાચતું કુદતું નીકળ્યું. તેમાંથી એક સસલાને મશ્કરી કરવાનું મન થયું. એણે પાછા વળીને કાચબાને કહ્યું, 'કાચબાભાઈ તમે કેવા ધીમે, ધીમે, ઠચૂક, ઠચૂક ચાલો છો. અમને પણ તમારા જેવી ચાલ શીખવોને!'

કાચબાએ અગાઉ ઘણાં સસલાં જોયા હતા. એને ખબર હતી કે સસલાં ઉતાવળિયા અને બેધ્યાન હોય છે અને કોઈ કામ ચીવટથી કરી શકતા નથી. તેઓ બેદરકાર ને ઉંઘણશી પણ હોય છે. આથી તેણે વટથી કહ્યું, 'સસલાભાઈ! મારી ચાલ ભલે ઠચૂક ઠચૂક હોય પણ તમારા જેવા દોડવીરને પણ દોડવાની હરીફાઈમાં હરાવી શકું તેટલો સમર્થ છું સમજ્યા કે!''

આ બંનેની વાત ત્યાં ઊભેલા એક શિયાળે સાંભળી. તેણે સસલાને પાનો ચડાવતાં કહ્યું, 'અરે સસલાભાઈ! આ કાચબાએ તમારા જેવા દોડવીરને પડકાર ફેંક્યો છે છતાં તમે ચૂપ કેમ છો?'

સસલાને પણ ચટાકો ચડી ગયો. તેણે કાચબાને કહ્યું, 'ચાલો આપણે બન્ને શરત લગાવીએ કે દોડવાની હરીફાઈમાં કોણ જીતે છે?'

કાચબો તરત બોલ્યો, 'ચાલો અત્યારે જ ભલે થાય ફેંસલો. હું તમારી સાથે હરીફાઈમાં દોડવા તૈયાર છું!'

બીજા બધા સસલાઓ આ દોડ હરીફાઈ જોવા ભેગા થઈ ગયા. સસલાએ ઊંચા થઈ દૂર દૂર રહેલો એક ખડક બતાવી કહ્યું, 'કાચબાભાઈ, આ સામે દેખાતા ખડક પાસે જે પહેલું પહોંચે તે જીત્યું ગણાશે.'

કાચબાએ કહ્યું, 'તમારી એ વાત બરાબર છે, મને કબૂલ છે.' કાચબો અને સસલો દોડવા માટે ઊભા રહી ગયા.

શિયાળે ઝંડો ફરકાવી દોડ હરીફાઈ શરૂ કરાવી. કાચબો માંડ્યો ઠચૂક ઠચૂક ચાલવા. સસલો માંડ્યો ઝડપથી દોડવા. થોડી વારમાં જ સસલો તો ઘણે દૂર પહોંચી ગયો. સસલાને થયું, 'કાચબાને આટલે સુધી પહોંચતાં ઘણી વાર થશે તેથી લાવ જરા આરામ કરી લઉં.'

સસલો ઝાડ નીચે બેઠો. ઠંડો પવન વાતો હતો. ત્યાં તેને ઊંઘ આવી ગઈ.

જ્યારે સસલો ઊંઘમાંથી જાગ્યો અને જુએ છે તો પેલા દૂરના ખડક પાસે કાચબો જઈને ઊભો રહી ગયો હતો. સસલો શરમાઈ ગયો. તેણે કાચબા પાસે જઈ પોતાની હાર કબૂલી લીધી.

કાચબાએ કહ્યું, 'સસલાભાઈ જુઓ મેં ઠચૂક ઠચૂક ચાલીને ભલે શરત જીતી લીધી પણ તમે જો ચીવટ રાખી હોત અને કામના વખતે ઊંઘવાનું ટાળ્યુ હોત તો તમે જીતી ગયા હોત. હું કંઈ તમારા જેટલી ઝડપે થોડો દોડી શકવાનો હતો. આ તો તમારી બેદરકારીએ મને જિતાડયો છે!'

## સોહમ્રજ પરિવાર દ્વારા જન્મ દિવસની શુભેચ્છા




નામ : હીરાણી આલીયા | પિતા : સલીમભાઈ
માતા : રેશ્માબેન | સ્થળ : સુરેન્દ્રનગર




નામ : હીરાણી અર્શ | પિતા : સલીમભાઈ
માતા : રેશ્માબેન | સ્થળ : સુરેન્દ્રનગર




નામ : રાણપુરા પ્રિન્સ | પિતા : જયદીપભાઈ
માતા : જુહીબેન | સ્થળ : સુરેન્દ્રનગર

જન્મ દિવસની શુભેચ્છા

સોહમ્રજ સાપ્તાહિકમાં આપના બાળકના જન્મ દિવસની તસવીર નિ:શુલ્ક છાપી આપીશુ...
બાળકની તસવીર તેમના જન્મના પ્રમાણપત્ર સાથે જરૂરી છે
૧૦ દિવસ પહેલા સંપૂર્ણ વિગતો આપવાની રહેશે
બાળકની ઉંમર ૧૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ...

સોહમ્રજ સાપ્તાહિક
રાજનાથ મહાદેવ મંદિર પાસે,
કુથુંનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર,
શોપ નંબર - ૨, પહેલા માળે, સુરેન્દ્રનગર.

# ૧૨ કલાકમાં ૧૬૦ ગીતો ગાવા સાથે નવો વર્લ્ડ રેકોર્ડ



કરાઓકે કલબ બાકરોલના પ્રોપરાઈટર રમેશભાઈ બખાઈએ ૧૬૦ ગીતો ગાવા સાથે વર્લ્ડ રોકોર્ડ બનાવ્યો છે.

રમેશભાઈ ગત તા.૧૩ મી ઓકટો.ના રોજ બાકરોલ ખાતે કરાઓકે કલબ પરિવાર સાથે માત્ર ૧૨ કલાકમાં ૧૬૦ ગીતો ગાઈને ઓએમજી બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. તેમણે ૩૬ મુળ પ્લેબેક ગાયકોના ગીતોને સમાવી લેવા સાથે બહુમુખી ગાયન કર્યુ હતુ.

આ રેકોર્ડ બનાવવા માટે સમગ્ર કરાઓકે કલબ પરિવાર દરેક રીતે રમેશભાઈની સાથોં હતો. અને કલબના ગાયકોએ તેમની સાથે ૮૦ યુગલ ગીતોનું યોગદાન હતુ. અગાઉ ૧૫૩ ગીતોનો વિશ્વ રેકોર્ડ તેઓ તેમના નામે કરી ચૂકયા છે.

કરાઓકે કલબ, બાકરોલના સભ્યોએ રમેશભાઈને તેમની આ સિધ્ધી બદલ અભિનંદન આપ્યા છે.

# સુરેન્દ્રનગર પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલીંગ અને વાહન ચેકીંગ





સુરેન્દ્રનગર :

દિવાળીના તહેવાર નિમીતે સુરેન્દ્રનગર જીલ્લામાં ફુટ પેટ્રોલીંગ તથા વાહન ચેકીંગ કરવામાં આવ્યુ હતુ. જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે અને જીલ્લાનો દરેક નાગરિક કોઇપણ ભય વિના મુક્ત મને દીવાળીનો તહેવાર ઉજવી શકે તેને ધ્યાને રાખી પોલીસ વિભાગ દ્વારા ફુટ પેટ્રોલીંગ કરવામાં આવ્યુ હતુ.

રેન્જ આઈજી અશોકકુમાર યાદવ ની સુચના અને માર્ગદર્શન આધારે પોલીસ અધિક્ષક ડૉ.ગીરીશ પંડયાના નેતૃત્વમાં સુરેન્દ્રનગર જીલ્લાના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તેમજ એલ.સી.બી., એસ.ઓ.જી. તથા જીલ્લા ટ્રાફીક શાખાની અલગ-અલગ ટીમો બનાવી ભીડભાડ વાળી જગ્યાઓ, બજારો તથા બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન જેવા વિગેરે વિસ્તારોમાં ફુટ પેટ્રોલીંગ તથા વાહન ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ અને વાહન ચેકીંગ દરમ્યાન શંકાસ્પદ વાહનો તેમજ શંકાસ્પદ ઇસમો ચેક કરવામાં આવ્યા હતા.

સુરેન્દ્રનગર શહેર અને તાલુકા મથકો ઉપર દિવાળી તહેવારને ધ્યાને રાખી પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ તેમજ વાહન ચેકિંગ કામગીરી કરવામાં આવી રહી છે. એલસીબી એસઓજી તથા સ્થાનિક પોલીસ અને જિલ્લા ટ્રાફિક શાખાની અલગ અલગ ટીમો બનાવવા સાથે ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં તારીખ ૨૭-૧૦ ના રોજ જાહેર કરવામાં આવેલ પ્રેસ માહિતી અનુસાર વાહન ચેકિંગ દરમિયાન ૧૧૮ શંકાસ્પદ વાહનો તેમજ ૪૪ શંકાસ્પદ ઈસમોને ઝડપી કાર્યવાહી કરવામાં આવી છે. આ ઉપરાંત ટ્રાફિક નિયમ નો ભંગ કરતા અને ગેરકાયદેસર રીતે વાહન ચલાવી પસાર થતા ઈસમો સામે એમવી એક્ટ હેઠળ ૨૦૦ જેટલા કેસ કરવામાં આવ્યા જાહેર કરવામાં આવ્યું છે. તેમજ ૩૪ જેટલા વાહનો ડીટેઇન કરવા સાથે ટ્રાફિકને અડચણરૂપ ૧૨ જેટલા કેસો પણ નોંધાયા છે. આ ઉપરાંત ભયજનક રીતે વાહન ચલાવવા ના ૧૨ કેસો અને જાહેરનામા ભંગના પાંચ કેસો કરવા કરવા સાથે ૨૬ જેટલા ઈસમો વિરુદ્ધ અટકાયતી પગલાં ભરવામાં આવ્યા હોવાનું જાહેર કરવામાં આવ્યું છે.આમ સુરેન્દ્રનગર જિલ્લામાં દિવાળી તહેવાર નિમિત્તે આઠ જગ્યાએ ચેકપોસ્ટ કાર્યરત કરી ચેકિંગ કામગીરી પોલીસે અસરકારક બનાવી છે.



સુરેન્દ્રનગરમાં વાર્ષિક ઈન્સ્પેકશન અંતર્ગત રાજકોટ રેન્જ આઈજી જિલ્લાની મુલાકાતે છે. ત્યારે શહેરના ટાવર ચોક પાસે આવેલા એ-ડીવીઝન પોલીસ મથકની મુલાકાત લીધી હતી. અને પોલીસ અધિકારીઓ તેમજ કર્મચારીઓની કામગીરીની સમીક્ષા કરી જરૂરી સૂચના આપી હતી.

# જિલ્લામાં ગેરકાયદેસર ખાણ માફીયાઓની રાવ : વધુ એક શ્રમિકનું મોત

સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગરના મુળી અને થાનગઢ વિસ્તારમાં ગેરકાયદેસર ચાલતી કોલસાની ખાણમાં ખનીજચોરી દરમિયાન દુર્ઘટના સર્જાય છે. અને ભેખડ ધસી પડવાની ઘટનામાં અનેક મજૂરનો મોત થવા છતાં મોતના સોદાગરોનો આ સીલસીલો અટકયો નથી.

ગેરકાયદેસર ચાલતી કોલસાની ખાણમાં ખનીજચોરી દરમિયાન દુર્ઘટના સર્જાવવાના કેસમાં શ્રમિકોના મોત બાબતે થોડા સમય માટે દેકારો બોલે છે. બાદમાં સમગ્ર મામલો શાંત થઈ જાય છે. અને ફરી પાછુ ગેરકારયદેસર ખનન વહન ચાલુ થઈ જાય છે. રાજકીય વગ ધરાવતા મોટા માથાઓ પાસે અધિકારીઓના હાલ બેહાલ થઈ ગયાની સ્થિતી જોવા મળે છે. છેલ્લા ઘણા સમયથી ખાણ ખનીજ ચોરીની ઘટનાઓ ફરીથી બે-રોકટોક ચાલી રહ્યાની ચર્ચાઓ ઉઠી છે. ત્યારે ખનીજ માફીયાઓ પોતાના ફાયદા માટે મજૂરોના મોતના સોદાગર બન્યાનો મામલો ગરમાયો છે.

મુળી તાલુકાના એક ગામમાં ગેરકાયદેસર ખાણમાં ભેડ ધસી પડતા કામ કરતા પંથકના એક યુવાનું મોત થયાની ચર્ચા ઉઠી છે. જયારે અકસ્માતે મોત થયાની મુળી પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ થઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખાણ ખનીજ વિભાગ દ્વારા ગેરકાયદેસર ચાલતી ખાણો બંધ કરાવવામાં આવી હતી. પરંતુ તેમ છતાં મોતની ઘટનાનો આ સીલસીલો કેમ અટકતો નથી ? તેવા સવાલો થઈ રહ્યા છે. તેમજ મૃતક શ્રમિકના પરિવારોને પૈસા આપીને કેસનું સમાધાન કરાતુ હોવાની ચર્ચા પણ ઉઠી રહી છે.



સુરેન્દ્રનગર ટ્રાફિક પોલીસ દ્વારા દિવાળીના તહેવાર અનુસંધાને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે માટે આગોતરૂ આયોજન કરવામાં આવ્યુ હતુ. જે અનુસંધાને ગત તા.૨૫-૧૦ ના રોજ સાયલા તથા ચોટીલા પોલીસ સ્ટેશનના મુખ્ય બજારોમાં ખાસ સર્વેલન્સ કરવામાં આવ્યુ હતુ. તેમજ ભીડભાડ વાળા વિસ્તારમાં ડ્રોન કેમેરાની મદદથી સુરેન્દ્રનગર ટ્રાફિક પોલીસ દ્વારા સર્વેલન્સ કરવામાં આવ્યુ હતુ.

આપના ધંધા વ્યવસાયની જાહેરાતનું સચોટ માધ્યમ



આપના બજેટમાં જ આપના ધંધાનો વિકાસ...
તો પછી રાહ કોની જુઓ છો..
આજે આપની જાહેરાત બુક કરાવો
અને મેળવો આકર્ષક લાભ...

75750 20982

સોહમ્ ૨૪ સાપ્તાહિક
રાજનાથ મહાદેવ મંદિર પાસે, કુંથુનાથ દેરાસર ચોક,
રાજનાથ ચેમ્બર, શોપ નંબર - ૨, પહેલા માળે, સુરેન્દ્રનગર.

Email : soham24info@gmail.com
www.soham24.com

# લખતર, ધ્રાંગધ્રા અને ચોટીલા મામલતદારની બદલી

સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર જિલ્લામાં લખતર, ધ્રાંગધ્રા અને ચોટીલા મામલતદારની બદલી કરવામાં આવી છે. રાજય સરકારના મહેસુલ અને પંચાયત વિભાગ દ્વારા દિવળી અગાઉ બદલી અને બઢતીના હુકમો થયા છે. જેમાં સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા, લખતાર અને ચોટીલા મામલતદારની બદલી થઈ છે.જયારે મૂળી ટીડીઓનો ગાંધીનગર નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકેનું પ્રમોશન મળ્યુ છે. જેમાં સુરેન્દ્રનગર ડિસ્ટ્રીકટ સપ્લાય ઓફીસર મુકલ કમલેશ મીરચંદાનીને અમદાવાદ ખાતે સ્પીપાના નાયબ કલેકટર બનાવાયા છે.

આ ઉપરાંત મામલતદાર વર્ગ-૨ સંવર્ગના ૪૪ અધિકારીઓનો ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ તરીકે હંગામી ધોરણે બઢતી અપાઈ છે. આ ઉપરાંત અમદાવાદ જિલ્લાના આરટીઓ રીકવરી મામલતદાર પ્રિતી એમ.પટેલને સુરેન્દ્રનગર સ્ટેમ્પ ડયુટીના નાયબ કલેકટર તરીકે મુકાયા છે. જયારે ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ મામલતદાર એ.જી.ગજ્જરને સુરેન્દ્રનગર ડિસ્ટ્રીકટ સપ્લાય ઓફિસર બનાવાયા છે.

લખતર મામલતદાર હર્ષકુમાર આર.પરમારનો અમદાવાદ જિલ્લાના દસ્કોઈ મામલતદાર, ધ્રાંગધ્રા મામલતદાર મહેશ ડી.ગોહેલ ને અમરેલી જિલ્લાના વડીયા મામલતદાર, અને ચોટીલા મામલતદાર વસંતકુમાર મગનલાલ પટેલને બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ મામલતદાર, તેમજ જામનગર રૂરલ મામલતદાર મયુરકુમાર બી.દવેને સુરેન્દ્રનગર સિટી મામલતદાર તરીકે બદલી અપાઈ છે.

જયારે ૧૦૮ નાયબ મામલતદારનો મામલતદાર તરીકે પ્રમોશ મળી છે. જેમાં અમદાવાદના રાજેશ પટેલનો લખતર મામલતદાર, અમરેલીના પ્રકાશકુમાર જોષીને ચોટીલા મામલતદાર, બટોદના અલ્કેશકુમાર ભટ્ટનો ચુડા મામલતદાર, બનાસકાંઠા રહેનાબેન ગાશુરાનો ધ્રાંગધ્રા મામલતદાર તરીકે મુકાયા છે.

સોહમ્ ૨૪ સાપ્તાહિક
સત્યમેવ જયતે
Soham24

નવા વિચારોનું નવું માધ્યમ દર ગુરુવારે પ્રસિદ્ધ થતું
સુરેન્દ્રનગરનુ લોકલ અખબાર સોહમ 24 સાપ્તાહિક

ક્યુ .આર સ્કેન કરો પી.ડી.એફ ડાઉનલોડ કરો
સોહમ્ 24 ન્યૂઝ ઈ-પેપર
પી.ડી.એફ (PDF) ડાઉનલોડ કરો ફક્ત એક જ ક્લિકમાં
સોહમ્ 24 મા સાપ્તાહિક
જાહેરાત માટે નો કોન્ટેક નંબર 75750 20982

90333 00345 વોટ્સએપ પર
સોહમ 24 સાપ્તાહિક સમાચાર વાંચવા માટે આપેલ નંબર પર અત્યારે જ " Hi " લખી મેસેજ કરો
સોહમ્ 24 ન્યુઝની વધુ માહિતી માટે અમારી વેબસાઈટ પર વિઝીટ કરો
WWW.SOHAM24.COM

# એસ.એસ.વ્હાઈટનાં કર્મચારીઓ માટે એક દિવસીય દાંડિયા રાસનો કાર્યક્રમ યોજાયો








ગત તારીખ ૨૩ ઓક્ટોબર ને બુધવારે રાત્રે વઢવાણ ખાતે આવેલ અમેરિકન કંપની એસ.એસ.વ્હાઈટ ખાતે કંપનીના કર્મચારીઓ અને તેમના ફેમીલી મેમ્બર માટે એક દિવસીય 'દાંડિયા રાસ' નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાત્રી ભોજન સાથે કર્મચારીઓએ દાંડિયાની મોજ માણી હતી. કંપની તરફથી ખેલૈયાઓ માટે અલગ અલગ ઈનામોની વણઝાર હતી. દાંડિયા રાસનાં આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે અમેરિકાથી કંપનીના એચ.આર. મેનેજર અને માલિક રાહુલભાઈ શુક્લના પુત્રવધુ રાધા આકાશ શુક્લ ખાસ આ પ્રસંગે હાજરી આપવા આવ્યા હતા.

# ગણપતિ ફાટસર વિસ્તારમાં શિક્ષકના બંધ મકાનમાં ચોરી

સુરેન્દ્રનગર :

વઢવાણ ગણપતિ ફાટસર પાસે આવેલ રવિપાર્ક શેરી નં.૨ માં ચોરી થઈ છે. શિક્ષક હરિભાઈ ચતુરભાઈ રાઠોડ પરિવાર સાથે ખેરવા ગામે દુ:ખદ પ્રસંગે ગયા હતા. તે દરમિયાન ગત તા.૨૬-૧૦ ના રોજ બંધ ઘરનો ફાયદો ઉઠાવી ઘરના નકુચા, તાળા તોડીને ચોરીને અંજામ આપ્યો હતો. આ ચોરીનો બનાવ તા.૧૮-૧૦ થી તા.૨૬-૧૦ દરમિયાન બન્યો હોવાનું પોલીસ ચોપડે નોંધાયુ છે. આ બનાવમાં સોનાની બે વીંટી, એક ચાંદીની લક્કી તેમજ રોકડા રૂ.૨૫ હજાર મળી કુલ રૂ.૩૪ હજારનો મુદ્દામાલ ચોરી કરીને લઈ ગયાની વઢવાણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા વધુ તપાસ પીએસઆઈ વી.આઈ.ખડીયા ચલાવી રહ્યા છે.

www.soham24.com
સોહમ્ ૨૪ સાપ્તાહિક
કાર્યાલય : રાજનાથ મહાદેવ મંદિર પાસે, કુથુંનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર, શોપ નંબર - ૨, પહેલા માળે, સુરેન્દ્રનગર. Mo. 90333 00345
Email : soham24info@gmail.com - info@soham24.com

સોહ્મરજ સાપ્તાહિક ન્યુઝ સાથે જોડાવવાની ઉત્તમ તક...

સુરેન્દ્રનગર જિલ્લાના તાલુકા વઢવાણ, લખતર, મુળી, સાયલા, થાન, ચોટીલા, લીંબડી, ધ્રાંગધ્રા, પાટડી-દસાડા, ચુડા મથકો ઉપર સમાચાર અને જાહેરાતનું કામ સંભાળી શકે તેવા ઉત્સાહી પત્રકારોની જરૂર છે, સાથે જાહેરખબરનું કામ કરી શકે તે માટે એજન્સી આપવાની છે. બહોળો અનુભવ ધરાવતા પત્રકારત્વ કરતા રિપોર્ટરને અગ્રીમતા આપવામાં આવશે...

OWNER, PRINTER & PUBLISHER, EDITOR : ROHITBHAI GHANSHYAMBHAI PARMAR, PRINTED AT ASHVJIT GRAPICM.J. GANDHI ROAD, SURENDRANAGAR, PUBLISHED FROM:Coz-way Road, Opp.Babu Nivash Wishvkarma Gas,Joravarnagar,tal.Wadhwan,Dist.SURENDRANAGAR (Gujarat)